**સુવિચાર**
ચંદ્રમાં માં હવે દાગ નહિ રહે...
ચંદ્રમાં માં હવે ભારત રહેશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૭/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ અષાઢ વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૮૧

## ધારાસભ્ય મહેશ કસવાલાએ ચૂંટણી સમયે આપેલ વધુ એક વચન પૂર્ણ કર્યુ

# સાવરકુંડલા શહેરમાં અશાંત ધારો લાગુ કરી દેવાયો

### શહેરીજનોની વર્ષો જુની માંગ ભાજપ સરકારે પૂર્ણ કરતાં સૌ કોઈએ ધારાસભ્યનો આભાર માન્યો


### અમુક શખ્સો દ્વારા જમીન અને મકાનો પાણીના ભાવે પચાવી પાડવાની પ્રવૃત્તિ પર હવેથી રોક આવશે

### શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી અશાંતધારો લાગુ કરી દેવાયો

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરવા આદેશ કરી દેવાયો

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેર વિસ્તારમાં રાજય સરકાર દ્વારા મિલકત ધારકોને પોતાની જગ્યામાંથી બહાર કાઢવાની ફરજ પાડવા સામે રક્ષણ આપતી ૧૯૯૧ની જોગવાઈ મુજબ સમગ્ર સાવરકુંડલા શહેરી વિસ્તારમાં અશાંતધારો લાગુ કરી દેવામાં આવ્યો છે. સાવરકુંડલામાં ઘણાં







સમયથી કેટલાક લોકો પોશ વિસ્તારમાં આવેલ કિંમતી જમીન અને મકાનો ચાલાકી પૂર્વક ખરીદી લઈ બાદમાં આજુબાજુના કિંમતી જમીન અને મકાનો પાણીનાં ભાવે મેળવી લેતા હતા જેના કારણે શહેરનો એક મોટો વર્ગ વર્ષોથી પરેશાન થતો હતો. આવી પ્રવૃત્તિથી પીડિતોએ પોતાની વ્યથા ધારાસભ્ય મહેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

# સાવરકુંડલા : પીઠવડી ખાતેથી જામગરી બંદૂક સાથે આરોપીની અટકાયત

### આરોપી મજીદભાઈ લાડક વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારનાં પીઠવડી ગામેથી એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી અમરેલી એસ.ઓ.જી. પોલીસની ટીમે કરેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા એ.ટી.એસ. ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક

અનુસંધાન પાના ૬ ઉપર



## અમરેલીનાં સેશન્સ અને ડીસ્ટ્રીક્ટ જજે સજાનો કર્યો હુકમ

# અમરેલીની SBIની કૃષિ શાખામાં બહેનનાં ખાતામાં બનાવટી નોટ જમા કરનાર ભાઈને ૭ વર્ષની સજા

### સરકારીપક્ષે એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં ચકકરગઢ રોડ ઉપર આવેલ ગંગાનગરમાં રહેતા મુળ ચાડીયા ગામનાં વતની ચિરાગભાઈ રમેશભાઈ મકવાણા નામનાં ૨૪ વર્ષિય વિદ્યાર્થી ગત તા. ૧/૧/૧૯નાં રોજ અમરેલી ખાતે આવેલ આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની કૃષિ શાખામાં પોતાની સગી બહેન હર્ષલબેનનાં ખાતામાં તેણીની જાણ બહાર અસલી નોટની સાથે બનાવટી રૂા. ૨ હજારનાં દરની ૧૧ નોટ કિંમત રૂપિયા ૨૨,૦૦૦ની જમા કરવા માટે ગયેલ હતા.

ત્યારે આ રૂા. ૨ હજારનાં દરની ૧૧ નોટ ખોટી હોવાનું પોતે જાણતો હોવા છતાં અસલ નોટ તરીકે બેન્કમાં ધાબડી દેતા અને બેન્કનાં શોર્ટીંગ મશીનમાં આ નોટ ઝડપાઈ જતાં જે તે સમયે બેન્કનાં મેનેજર વિજયભાઈ હરપ્રસાદે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ બનાવ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલને સત્ર ન્યાયધીશ એમ.જે. પરાશરાએ માન્ય રાખી આરોપી ચિરાગ મકવાણાને કસુરવાન ઠરાવી કલમ ૪૮૯(બી)નાં ગુન્હામાં ૭ વર્ષની સખત કેદ તથા રૂા. ૧૦ હજારનો દંડ તથા કલમ ૪૮૯(સી)નાં ગુન્હામાં પણ ૭ વર્ષની સખત કેદ તથા રૂા. ૧૦ હજારનાં દંડની સજાનો હુકમ કર્યો હતો.

## જાગૃત નાગરિક અને પત્રકારે અનેક ચોંકાવનારી વિગતો જણાવી

# અમરેલીની માર્ગ-મકાન વિભાગ કચેરીમાં ચાલતી લાલિયાવાડીની તટસ્થ તપાસ કરવા માંગ

### જનતાનાં પરસેવાનાં પૈસાનો દુરૂપયોગનો આક્ષેપ

અમરેલી, તા. ૧૪

દેશના વિકાસમાં અવરોધરૂપ એવા ભ્રષ્ટાચારને જડમૂળ માંથી ઉખેડી ફેકવા એન્ટી કરપ્શન ડીપાર્ટમેન્ટ અવિરત કાર્યરત રહી સરકારી કચેરીઓમાં થતાં ભ્રષ્ટાચાર બાબતે તકેદારી રાખી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. પરંતુ સરકારના નિયમો જાણે કે માત્ર ગરીબ લોકો અને અન્ય વિભાગો માટે જ ઘડાયેલ હોય તેમ સમજી દેશના વિકાસમાં ભાગીદારી લઈ કર્તવ્યનિષ્ઠા પૂર્વક ફરજ બજાવવાને બદલે અમરેલી જીલ્લામાં આવેલ માર્ગ મકાન વિભાગ અમરેલી (રાજય)ની કચેરીમાં સરકારના નિયમોની પરવા કર્યા વગર સરકારી કચેરી કર્મચારી અધિકારી મીલાપી ભ્રષ્ટાચાર થયેલ છે.

માર્ગ અને મકાન વિભાગ (રાજય) અમરેલીની કચેરીમાં વર્ષો સુધી ભ્રષ્ટાચાર થયો છે. આ સરકારી કચેરીના કર્મચારી ચેતનકુમાર ઝેડ. ત્રિવેદી (ટ્રેસર) અમરેલી જીલ્લાભરમાં બાબા કોમ્પ્યુટર નામે દુકાન ન હોવા છતાં તેમના સગા પુત્રના નામની બાબા કોમ્પ્યુટર ધારી નામે કાગળ ઉપર દુકાન દર્શાવી તે નામના વાઉચરો, બીલો બનાવી પોતે જ પુત્રની બોગસ સહી કરવામાં આવે છે અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા તેવા બીલો વગર કોઈ ચેકીંગ વર્ષો સુધી પાસ પણ થઈ જાય છે અને અચરજની વાત તો તે છે કે પુત્રના નામે કાગળ પર ઉભી કરાયેલ બાબા કોમ્પ્યુટર ધારીના બીલોમાં કર્મચારીના પુત્ર સગીર વયના હતા તેમ છતાં વર્ષો સુધી કર્મચારીએ સરકારી કચેરી જાણે કે કોઈ પ્રાઈવેટ પેઢી હોઈ તેમ ભ્રષ્ટાચાર કરેલ. તો શું સરકારના નિયમ મુજબ કોઈ સરકારી કર્મચારી પોતાની ચાલુ ફરજ દરમ્યાન આમ પોતાના પુત્રના નામે બોગસ સહી, બીલો મૂકી શકે ? અને જો નિયમ મુજબ કર્મચારી સગીર વયના પુત્રના નામે કાગળ પર દુકાન બતાવી બીલો મૂકી શકે તો ગુજરાત સરકારના અન્ય વિભાગના કર્મચારી શા માટે ના મૂકી શકે.? સરકારી કચેરીના કોમ્પ્યુટરમાં થયેલ કામના કર્મચારી દ્વારા આવા પુત્રની બોગસ સહીવાળા વાઉચર માર્ગ અને મકાન વિભાગ અમરેલીમાં વર્ષો સુધી જે તે સમયે પાસ થયેલા છે. સરકારી કચેરીમાં સતાનો દુરૂપયોગ કરી થયેલ. ભ્રષ્ટાચાર બાબતે પત્રકાર અશોકભાઈ હાવળીયા દ્વારા માર્ગ અને મકાન વિભાગમાં ભ્રષ્ટાચારમાં સામેલ દોષિતો સામે જાહેરહિતમાં કાર્યવાહી

અનુસંધાન પાના ૬ ઉપર

## હાય રે મોંઘવારી : તસ્કરો પણ ખાદ્ય સામગ્રી ચોરવા મજબૂર

# રાજુલામાં આવેલ મહાલક્ષ્મી ઓઈલ મીલમાંથી ૧૫ ડબ્બા તેલની ચોરી

### પોલીસે ગુન્હો નોંધી તસ્કરને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા

અમરેલી, તા. ૧૪

લોકો માટે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે લોકો પોતાની જરૂરિયાત પુરી કરવા માટે જીવન જરૂરિયાત વસ્તુની ચોરી કરી રહયા છે. છેલ્લાં કેટલાંક સમયથી ટામેટાના ભાવ ઉંચકાયા બાદ ટામેટાની ચોરીના બનાવો બનતા તેને અટકાવા માટે ટામેટાની પણ સુરક્ષા કરવા માટે સિકયુરિટી ગાર્ડ રાખવા પડે છે. ત્યારે હવે શીંગતેલના ભાવમાં પણ ઉછાળો આવતાં અમરેલીના રાજુલા ગામે આવેલ એક મીની ઓઈલ મિલમાંથી શીંગતેલ ભરેલા ૧૫ ડબ્બા તસ્કરો ચોરી કરી લઈ ગયાની ફરીયાદ રાજુલા પોલીસમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ કામની હકિકત એવી છે કે, ગત તા. ૧૩ ના સાંજના સાડા છ વાગ્યાથી તા. ૧૪ના સાડા નવ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ રાજુલા ગામે રહેતા નિલેશભાઈ નરશીભાઈ જાલંધરા નામના વેપારીની રાજુલા ગામે ડુંગર રોડ ઉપર આવેલ મહાલક્ષ્મી ઓઈલ મીલના તાળા મારવાના હુકને તોડી અને ઓઈલ મીલની અંદર પ્રવેશ કરી વેચાણ અર્થે રાખેલ શીંગતેલ ભરેલા ૩૨ ડબ્બા પૈકી ૧૫ ડબ્બા કિંમત રૂપિયા ૪૫,૦૦૦ ના તથા ઓફીસના દરવાજાનો લોક તોડી ઓફીસ અંદર ટેબલના ખાનામાં પડેલ રોકડા રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૬૦,૦૦૦ ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**નંદભુવન સોસાયટી**
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
સાચુ શિક્ષણ હંમેશા પ્રકૃતિમાં રહેવાથી પ્રાપ્ત થાય છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### ભાજપા ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા

# સા.કુંડલામાં ડીડીટીનો છંટકાવ કરી કલોરીન ટીકડીઓનું વિતરણ કરવા માંગ

**ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરાઈ**

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી સતત પડી રહેલ વરસાદના કારણે શહેરના અનેક ખુલ્લા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે મચ્છરોનો ખુબ જ ઉપદ્રવ વધ્યો છે.

જેના કારણે શહેરની અંદર જાડા ઉલટી સહિત તાવના ખુબ જ પ્રમાણમાં દર્દીઓ વધ્યા છે. ત્યારે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે જો



સાવરકુંડલા શહેરની અંદર ડીડીટી પાવડરનો છંટકાવ કરવામાં આવે તો જેથી કરી સાવરકુંડલા શહેરના શહેરીજનોનું આરોગ્ય જળવાઈ રહે અને આપના મારફતે શહેરની અંદર પીવાના પાણીના વિતરણ દરમિયાન કલોરિન ટીકડીઓનું વિતરણ કરવામાં આવે તો આ રોગચાળો ફેલાયો છે તે અટકાવી શકાય. આ દિશામાં યોગ્ય કાર્યવાહી વહેલી તકે કરવા નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

### સાંસદ કાછડીયાએ મુખ્યમંત્રીનો આભાર માન્યો

# સાવરકુંડલામાં અશાંતધારો લાગુ થતાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિ બંધ થશે

**સભ્ય સમાજની લાગણી અને માંગણી પૂર્ણ થઈ**

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં અશાંતધારો લાગુ કર્યા બાદ આજે સાવરકુંડલા શહેરનાં વિવિધ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા બદલ અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સરકારનો આભાર વ્યકત કરેલ અને આ અશાંતધારાના નિર્ણયને આવકારેલ.

આ તકે સાંસદે જણાવેલ હતું કે, સાવરકુંડલા શહેરમાં અમુક પ્રકારના ઈસમો ધ્વારા જમીન–મકાન ખરીદ કરી આસપાસની મિલ્કત પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. અમરેલી શહેરમાં અશાંતધારો લાગું થયા બાદ સાવરકુંડલા શહેરમાં પણ અશાંતધારો લાગુ થાય તેવી સભ્ય સમાજની લાગણી અને માંગણી હતી જે આજે સંતોષય છે. ચૂંટણી પ્રચાર દરમ્યાન અને ત્યારબાદ પણ મારી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સમક્ષ રજૂઆતો આવેલ હતી. જેના અનુસંધાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સરકાર ધ્વારા સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવેલ છે. આ નિર્ણયથી સાવરકુંડલા શહેરમાં જમીન/મિલ્કત પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ આવશે.

### ચલાલા લોહાણા મહાજન દ્વારા

# અમરેલી ખાતે લોહાણા મહાજનનાં આગેવાનોનું સન્માન કરાયું

**''સરસ્વતી સન્માન સમારોહ'' યોજવા બદલ સન્માન**

ચલાલા, તા. ૧૪

અમરેલી લોહાણા મહાજન દ્વારા સુ આયોજીત મેનેજમેન્ટ સાથે અમરેલી શહેરનાં રઘુવંશી પરિવારનાં વિદ્યાર્થીઅ એ ગત વર્ષમાં પોતાના અભ્યાસક્રમમાં વિશિષ્ટ ગુણ મેળવવાની સિધ્ધી પ્રાપ્ત કરી હોય તેવા રઘુવંશી સમાજનાં તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અને ભવિષ્યમાં ઝળહળતી સિધ્ધી પ્રાપ્ત કરી રઘુવંશી સમાજનું ગૌરવ વધારવા શુભકામના આપવા સાથેનાં શુભ હેતુ માટે સરસ્વતી સન્માન સમારોહનો ભોજન પ્રસાદ સાથેનાં સુંદર કાર્યક્રમ રાખી રઘુવંશી સમાજની એકતા અને સંગઠન વધુ મજબૂત બને તેવા વિચાર સાથે ઉપસ્થિત જિલ્લા શહેરનાં તમામ લોહાણા મહાજનનાં પ્રમુખો, શ્રેષ્ઠીઓ અને હોદ્દેદારોનું પૂ. જલારામબાપાની પ્રતિમા અને પુષ્પગુચ્છથી અદકેરું સન્માન કર્યુ. તેમજ વિદ્યાર્થીઓને પણ મોમેન્ટો, અભ્યાસકીટ, સર્ટિફીકેટ આપી સન્માન કરી પ્રેરક બળ પુરું



પાડવા બદલ અને ઉપસ્થિત તમામ મહાનુભાવો અને જ્ઞાતિજનોને ખુબ જ ભાવથી ભાવતા ભોજન પ્રસાદ લેવડાવવા બદલ અને આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ ચલાલા લોહાણા મહાજન દ્વારા અમરેલી લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ સોમૈયા, રઘુવંશી સમાજનાં વરિષ્ઠ આગેવાન, એ.ડી. રૂપારેલ, ઉપપ્રમુખ સતિષભાઈ આડતીયા, ભાવેશભાઈ સોઢા, મંત્રી જગદીશભાઈ છેલાણી સહિતનાં રઘુવંશી મહાનુભાવોનું શાલથી ખુબ અંતરનાં ભાવપૂર્વક અદકેરું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા. આ તકે લોહાણા મહાજન ચલાલાનાં પ્રમુખ મહેન્દ્રભાઈ સાદ્રાણી, મંત્રી પ્રકાશભાઈ કારીયા, જલારામ યુવક મંડળનાં પૂર્વ પ્રમુખ કમલેશભાઈ વિઠલાણી, સમાજ અગ્રણી હર્ષદભાઈ ચંદારાણા, ચેતનભાઈ પોપટ, કિરીટભાઈ નગદીયા, મયુરભાઈ પોપટ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહી આનંદની લાગણી વ્યકત કરી હતી.

### નાગનાથ બસ સ્ટેન્ડનું શૌચાલય બંધ જોવા મળતા મહિલા મુસાફરો પરેશાન

# અમરેલીના જાહેર માર્ગો કે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં મહિલાઓ માટે શૌચાલયનો અભાવ

**મુસાફર મહિલાઓએ શાસકોની નિષ્ક્રીયતા સામે નારાજગી વ્યકત કરી**

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં મહિલાઓ માટે જાહેર શૌચાલયોનો અભાવ જોવા મળી રહયો છે. અમુક શૌચાલય એવા છે કે જેમાં પ્રવેશ કરવો એટલે નાક પર રૂમાલ રાખીને જવું પડે અને મહિલાઓ અમુક શૌચાલયમાં પ્રવેશ કરવાનું ટાળી દે છે.

શહેરના નાગનાથ બસ સ્ટેન્ડમાં આવેલ શૌચાલય આજે બંધ હોય મહિલા મુસાફરોને ભરવરસાદમાં ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. એક તરફ બસ સ્ટેન્ડમાં ભયાનક ગંદકી, બીજીતરફ શૌચાલય બંધ નિહાળીને બસની રાહ જોતી મહિલા મુસાફરોમાં શાસકો સામે ભયાનક ગુસ્સો જોવા મળી રહયો હતો.

એક તરફ મહિલા સશકિતકરણની વાતો થઈ રહી છે. મહિલાઓને તેમના હકક આપવાના દાવા થઈ રહયા છે. તેવા સમયે શાસકો મહિલાઓ માટે પ્રાથમિક સુવિધા પણ પુરતા પ્રમાણમાં ઉભી કરી શકતા ન હોય ચિંતાનો વિષય છે.

# હાથસણી ગામનાં યુવાને પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડયું



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામના રમેશભાઈ ગોહિલ ગત તા.૧૨/૭ બુધવારના રોજ પોતાની માલિકીનું વાહન લઈ અમરેલીથી સાવરકુંડલા આવી રહ્યા હતા. ત્યારે સાવરકુંડલા મેઈન ગેટ પાસે વિવો કંપનીનો અંદાજિત રૂા. ૨૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ મળી આવેલ. જે મોબાઈલની યોગ્ય ખરાઈ –ખાત્રી કરતા સાવરકુંડલાના ધર્મેશભાઈ લુહારનો હોય કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના નીતિમતા દાખવી મૂળ માલિકને પરત કરી પ્રામાણિકતા દર્શાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

# સાવરકુંડલાનાં કોંગી અગ્રણી ચિરાગ આચાર્યએ કેસરીયા કર્યા



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેર કોંગ્રેસના મંત્રી ચિરાગ આચાર્યે કોંગ્રેસનો હાથ છોડી ભાજપના કમળનો સાથ લઈને ભાજપના ધારાસભ્ય મહેશ કસવાળના વરદહસ્તે કેસરીયો ધારણ કરતા કોંગ્રેસની એક સાંધો ત્યાં તેર તુટે તેવી હાલત જોવા મળી રહી છે. શહેર કોંગ્રેસના મંત્રી અને અગાઉ એક નગરપાલિકાની ચૂંટણીમાં નજીવા મતોથી હાર થયેલા ચિરાગ આચાર્ય બ્રહ્મ સમાજમાં સારી નામના ધરાવે છે.

સામાજિક કાર્યકર્તા છે ને હંમેશા લોકોના પ્રશ્નોને સરકારી કચેરીઓમાં કામમાં વ્યસ્ત જોવા મળતા હોય ત્યારે સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠક પર નિષ્ઠા અને કર્તવ્યથી કામગીરી કરતા ધારાસભ્ય મહેશ કસવાળાની કામ કરવાની પદ્ધતિથી પ્રેરાઈને ચિરાગ આચાર્યે આજે બ્રહ્મસમાજના વૃક્ષ, રોપા વિતરણ કાર્યક્રમમાં કોંગ્રેસનો ખેસ ઉતારીને ભાજપનો કેસરીયો પહેરી લીધો હતો. સંગાથે નિવૃત્ત શિક્ષક હર્ષદભાઈ જોષીએ પણ કોંગ્રેસને રામ રામ કરીને ભાજપમાં ભળ્યા હતા. ત્યારે સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ ડોડીયાએ કોંગ્રેસના મંત્રી ચિરાગ આચાર્ય ભાજપમાં ભળ્યા હોવાની માહિતી ના હોવાનું જણાવ્યું હતું ને અજાણ હોવાની વાત કહી હતી. ત્યારે કોંગ્રેસમાં સંગઠન શકિતનો અભાવ અને કામ કરવાની થીયરીથી નારાજ કોંગ્રેસીઓ ભાજપના વિકાસ અને મોદીના સુશાસનમાં દ્રઢ વિશ્વાસ લઈને ભળી રહ્યા છે.

### પાણી–પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ

# અમરેલીનાં ચકકરગઢ દેવળીયા ખાતે પાણી–પુરવઠાનાં કામોની સમીક્ષા કરી

**સમાવિષ્ઠ ગામોમાં માથાદીઠ ૧૦૦ લીટર પાણી અપાશે**

અમરેલી, તા.૧૪

રાજયમાં પીવાના અને સિંચાઈના પાણીનું નેટવર્ક વધારી અને છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં ઈરીયા પાણી પુરવઠા જૂથ સુધારણા યોજના હેઠળ ૫૦ ગામોને અદ્યતન પાઈપ લાઈન નેટવર્ક દ્વારા પાણી પહોંચાડવામાં આવશે. રાજયના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ દેવળીયા ચક્કરગઢ વોટરવર્કસ ખાતે આ યોજનાના કામોની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત જિલ્લાના પાણી પુરવઠાના અન્ય પ્રગતિતળેના કામોની સમીક્ષા કરી હતી. મંત્રીએ જણાવ્યુ હતુ કે, રાજય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા પીવાના તથા સિંચાઈના પાણી માટે વિવિધ વિકાસકામો પ્રગતિતળે છે. છેવાડાના વિસ્તારો સુધી તેમજ આગામી સમયની માંગને અનુરૂપ આ વિકાસકામો જૂથ સુધારણા યોજના હેઠળ કરવામાં આવી રહ્યા છે. ચાલુ વર્ષે સારા વરસાદથી અત્યાર સુધીમાં રાજયના મોટાભાગના ડેમોમાં ૫૫ ટકા જેટલા પાણીની આવક થઈ છે. આગોતરા આયોજન અને સારા વરસાદના કારણે સૌરાષ્ટ્ર સહિત રાજયમાં પીવાના તથા સિંચાઈના





પાણીની સમસ્યા નહીં સર્જાઈ. આ પ્રસંગે મંત્રીએ અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

ઈરીયા પાણી પુરવઠા જૂથ સુધારણા યોજના હેઠળ અંદાજે રૂા. ૩૬ કરોડના ખર્ચે અમરેલી તાલુકાના ૨૨, લીલીયા તાલુકાના ૧૮, લાઠી તાલુકાના ૦૯ ગામોમાં ૧૫૪ કિલોમીટરના નેટવર્ક દ્વારા આગામી ૩૦ વર્ષની માંગને ધ્યાને રાખીને પાણી પહોંચાડવાનું આયોજન છે. હાલની માંગ મુજબ માથાદીઠ ૭૦ લીટર પાણીનું વિતરણ કરવામાં આવે છે જયારે આ યોજનામાં માથાદીઠ ૧૦૦ લીટર પાણીનું વિતરણ કરવાનો લક્ષ્યાંક છે. આ તકે પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ, અમરેલીના કાર્યપાલક ઈજનેર વી.એમ. ભામાણી તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સિવિલ હોસ્પિટલના ઓડિટોરીયમ ખાતે

# અમરેલી જિલ્લા એગ્રો ઇન્પુટ્સ એસો.નું આવતીકાલે સંમેલન યોજાશે

**ઓલ ઇન્ડિયા એસો.ના સેક્રેટરી પણ ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા. ૧૪

તા. ૧૬/૭/૨૩ને રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આશરે ૮૦૦ કરતા પણ વધારે જંતુનાશક દવા, બિયારણ અને ખાતરના વિક્રેતાઓનું વાર્ષિક સંમેલન અમરેલી મુકામે સિવિલ હોસ્પિટલના ઓડીયોરીયમ હોલમાં યોજાશે. જેમાં ઓલ ઈન્ડીયા એસો.ના સેક્રેટરી અરવિંદભાઈ ટીંબડીયા, નિવૃત કૃષિ વૈજ્ઞાનિકો ડો. એચ.એમ. ગાજીપરા તથા ડો. જી.આર. ગોહિલ તથા નાયબ ખેતી નિયામક (વિતરણ) અમરેલી ભાવેશભાઈ પીપળીયા તેમજ તળાજા એગ્રો એસોસીએશનના પ્રમુખ વિક્રમસિંહ ગોહિલ ઉપસ્થિત રહેશે. તેમજ આ મિટીંગના સ્પોન્સર તરીકે ચિન્જેન્ટા ઈન્ડીયા પ્રા.લી. મુશેભાઈ શુકલા (ડીવીઝન માર્કેટીંગ લીડ, ચિન્જેન્ટા) તેમની ટીમ સાથે ઉપસ્થિત રહેશે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૫૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો









અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ધ્વારા તાજતેરમાં ૨૫૬મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ–ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત અમરેલી તથા આયુર્વેદ દવાખાનું–મોરંગી તથા સરકાર હોમીયોપેથીક દવાખાનું–જાળીયાનાં સંયુકત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંગ મંગલ દિપના પ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાના વડા રતિદાદા તથા ડોકટરો ધ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસનમુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળી રહેવું. સ્વ. જયંતીભાઈ એન્ડ રેણુકાબેન પાલેજા, નિહાર વિઠ્ઠલાણી એન્ડ પારલાય બજારીયા–બર્થડે યુકેના આર્થિક સહયોગથી શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીનાં સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૪૧ દર્દીઓની શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન ધ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન ધ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પુરી આપવામાં આવી હતી. આયુર્વેદીક કેમ્પમાં ડો. આરતીબેન અને પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દીકરોઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બીસીએ અને સ્પોર્ટસ કોલેજ ચાલું છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યક્મને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા તથા શિતલબેન વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## જિલ્લા પંચાયતની કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડની જહેમતથી

# બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૩૬ લાખનાં ખર્ચે વિકાસકાર્યો

**કરિયાણા, કીડી, શિરવાણીયા, ખંભાળા, નાની કુંડળ, ઈશ્વરીયા સહિતનાં ગામોમાં ખૂશીનો માહોલ**

**પીવાનું પાણી, માર્ગો, કોઝવે, પુર સંરક્ષણ દીવાલ સહિતનાં વિકાસ કાર્યો કરાશે**

**ઘણા વર્ષોની પડતર માંગ પૂર્ણ થતાં લાભાર્થી ગામોમાં ખૂશીનો માહોલ**

**જનપ્રતિનિધિઓ જો ધારે તો દરેક ગામ ગોકુળિયુ બને તેમાં કોઈ શંકા નથી**

બાબરા, તા. ૧૪

બાબરા પંથકમાં મેઘરાજા માંગ્યા મેહ આપી ધરતીપુત્રોને રાજી કરી રહ્યા છે અહીં તાલુકામાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે જેના કારણે ખેતીપાકમાં મોટો ફાયદો જોવા મળી રહ્યો છે.

જિલ્લા પંચાયતના કરીયાણાં બેઠકના પાંચાળ વિસ્તારના ગામડાઓ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતા સ્થાનિક લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. મેઘરાજાની જેમ જિલ્લા પંચાયતના આ વિસ્તારના સભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ વરસી રહ્યા છે.

બાબરા તાલુકાના કરીયાણાં જિલ્લા પંચાયત બેઠક હેઠળ ૧૮ જેટલા ગામડાઓ આવે છે. અહીં દરેક ગામની સમય મર્યાદામાં જિલ્લા



પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા મુલાકાત કરવામાં આવે છે. ગામના સ્થાનિક લોકો તેમજ અગ્રણી પાસે ગામના વિકાસ માટે જરૂરી કામની સૂચિ પણ મંગાવી તાલુકાના આયોજન તેમજ જિલ્લાના આયોજન અને એટીવીટી સહિત રાજય સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી ગામડાઓમાં વિકાસ કરાવી રહ્યા છે.

બાબરા તાલુકાના કરીયાણા, ખંભાળા, કીડી, શિરવાણીયા, ઈરીયા, અમરાપરા, ઈંગોરાળા, ખાખરીયા, જામ બરવાળા, દરેડ, નાની કુંડલ, લુણકી, વાંડળીયા, ભિલા, ભીલડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં દરેક ગામ દીઠ રૂા. ૧.૫૦ લાખથી ૪.૫૦ લાખની ગ્રાન્ટની ફાળ વણી કરવામાં આવી છે.

કુલ રૂા. ૩૩ લાખની ગ્રાન્ટની ફાળવણી જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી છે અને તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઉપરોકત ગ્રાન્ટમાંથી ગ્રામ્ય કક્ષાએ બ્લોગ રોડ રસ્તાઓ, આંગણવાડીની મરામત, પુર સંરક્ષણની દીવાલ, પીવાના પાણીની વ્યવસ્થા માટે બોર, સ્મશાન માટે દીવાલ, કોઝવેની વ્યવસ્થા કરવામાં આવશે અને હજુ અન્ય બાકી રહેતા ગામમાં પણ આવનારા દિવસોમાં સ્થાનિક સરપંચ તેમજ અગ્રણીઓની રજુઆતને ધ્યાને લઈ જરૂરી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

બાબરા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ માટે જરૂરી ગ્રાન્ટની ફાળવણી થતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

## કુંકાવાવ તાલુકા સહકારી સંઘની સામાન્ય સભા સંપન્ન થઈ



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમરેલી, તા. ૧૪

આજરોજ કુંકાવાવ તાલુકા સહકારી સંઘ લિમિટેડની સભા મળેલ. જેમા પૂર્વ સાંસદ અને સંઘના ડાયરેકટર અને જમીન વિકાસ બેંકના ચેરમેન વિરજીભાઈ ઠુંમર, સંઘના ચેરમેન રવજીભાઈ પાનસુરીયા, ડાયરેકટરો રવજીભાઈ પાઘડાળ, વનરાજભાઈ પદમાણી, વિઠ્ઠલભાઈ લોધાણવદરા, વિઠ્ઠલભાઈ હડાળા, ભગવાનભાઈ ચૌહાણ, વિનુભાઈ વેગડ, કુંભકોના ડેલિકેટ ભીમજીભાઈ બોઘરા, ઈફકોના એરીયા મેનેજર રામાણીભાઈ, કુંભકોમાંથી વેગડાભાઈ, ગુજકોમસોલમાંથી અતુલભાઈ કિકાણી, ખેતીવાડી નાયબ નિયામક આગોલાભાઈ, સંઘના મેનેજર રણછોડભાઈ દેસાઈ, નાગરિક શરાફીના મેનેજર મનીષભાઈ ભેંસાણીયા તેમજ જિલ્લા મધ્ય સહકારી બેંકના માજી મેનેજર પટોળીયાભાઈ, ગિફ્ટ કેર અમદાવાદથી મેહુલભાઈ, રતીબાપા ઠુમર, પ્રાગજીભાઈ કાછડીયા ઉપસ્થિત રહેલ. આ વર્ષનો સંઘનો નફો ૧૭ લાખ રૂપિયા થયેલ છે જેમાથી સભાસદોને ૧૫% ડિવિડન્ડ જાહેર કરવામાં આવેલ અને ખાતર વેચાણ કરતી સહકારી મંડળીઓના પ્રમુખ, મંત્રીઓને ભેટ આપવાનું પણ આ સભામાં નક્કી કરવામાં આવેલ. નેનો યુરીયા અને નેનો ડીએપી વાપરવા તેમજ સહકારી સંસ્થાઓમાંથી જ ખાતર, બિયારણ ખરીદવા સંઘમાં ઈફકોની દવાઓ તેમજ કપાસના બિયારણમાંથી ખરીદવા અનુરોધ કરવામાં આવેલ.

## સાવરકુંડલા ખાતે અન્ન (મિલેટ્સ) વાનગી સ્પર્ધાનું આઇસીડીએસ દ્વારા આયોજન



સાવરકુંડલા, તા. ૧૪

આંતરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણીના ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આઈસીડીએસ ઘટક સાવરકુંડલા ૧/૨ નો તાલુકા કક્ષાનો મિલેટ્સ વાનગી સ્પર્ધાનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆત બહેનોની પ્રાર્થના અને દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવેલ હતી. આ તકે સાવરકુંડલા ઘટક એકના સીડીપીઓ દક્ષાબેન ભટ્ટ દ્વારા તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ. એનએનએમ બ્લોક કોઓર્ડીનેટર વનિતાબેન રાઠોડ દ્વારા આ કાર્યક્રમ શા માટે કાર્યક્રમના હેતુઓ વિશે માહિતી આપેલ હતી. ત્યાર બાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવેલ ત્યાર બાદ તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા આરોગ્ય અને પોષણ વિષય પર વાત કરવામાં આવેલ હતી ત્યાર બાદ તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા પોષણ અને શિક્ષણ વિષય પર વાત કરવામાં આવેલ હતી.

આ તકે સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા તમામ આંગણવાડી બહેનોને કુપોષણની સમસ્યા દુર કરવા વધુ પ્રયત્નો હાથ ધરવા પર ભાર મુકવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અન્ન (મિલેટ્સ) વાનગી હરિફાઈ યોજાઈ હતી. જેમાં બાજરી, રાગી, જુવાર, રાજગરો, કાંગ, મકાઈની વાનગીઓ સેજા કક્ષાના પ્રથમ બીજો અને ત્રીજો નંબર મેળવેલ તમામ વર્કર બહેનો દ્વારા બનાવી નિદર્શન કરવામાં આવ્યું હતુ. તેમજ સેજા કક્ષાના વિજેતા બહેનો પ્રોત્સાહિત કરવા તમામ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા તેમજ મહાનુભાવો દ્વારા સાવરકુંડલા ઘટક ૧ અને ૨ ના તાલુકા કક્ષા પ્રથમ બીજો અને ત્રીજો નંબર આપી ઘટકના વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા.

આ તકે સાવરકુંડલા ઘટક બે ના સી.ડી.પી.ઓ. શરીફાબેન શેખ દ્વારા તમામ બહેનોને જિલ્લા જોન અને રાજય કક્ષાના કાર્યક્રમમાં પ્રથમ નંબર મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવેલ. પી.એસ.ઈ. દ્વારા મિલેટ્સ પોષણ શપથ ગ્રહણ કરાવવામાં આવેલ હતી.

સાવરકુંડલાના કો.ઓર્ડિનેટર પૂજાબેન દવે દ્વારા તમામ મહેમાનોનો આભારવિધી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું એકરીંગ કોઓર્ડિનેટર મુસ્તાકભાઈ મહેતર દ્વારા કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ મુખ્ય સેવિકા બહેનો અને ઓફિસ સ્ટાફ ભાઈઓ–બહેનો તેમજ તમામ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ સીડીપીઓ દક્ષાબેન અને શરીફાબેન દ્વારા તમામને અભિનંદન પાઠવી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## સા.કુંડલા : સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વિનામૂલ્યે રોપાનું વિતરણ કરાયું

સાવરકુંડલા, તા. ૧૪

સમસ્ત બ્રહ્મસમાજ સાવરકુંડલા આયોજીત રેન્જ ફોરેસ્ટ ઓફીસ સાવરકુંડલાના સહયોગથી સાંસદ નારણભાઈ કાછડીયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં વરદ હસ્તે ફળ, ફૂલ, ઔષધિ તથા છાયાના રોપા બ્રહ્મપુરી, વી.ડી. કાણકીયા કોલેજ સામે, સાવરકુંડલા ખાતે વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ સમસ્ત બ્રહ્મસમાજ સાવરકુંડલા મુકેશ ત્રિવેદીની યાદી જણાવે છે.

### વાવાઝોડા વિષયક કાર્યક્રમ યોજાયો

## રાજુલા : વીકટર ખાતે એન.ડી.આર.એફ. દ્વારા મોક એકસરસાઈઝનું આયોજન થયું

**મામલતદાર સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૧૪

રાજુલા તાલુકાના વિકટર ગામ ખાતે એન.ડી.આર.એફ. મારફત વાવાઝોડા વિષયક મોક એકસરસાઈઝનુ આયોજન કરવામા આવેલ. જેમા વાવાઝોડાની પરિસ્થિતિ દરમિયાન તાલુકા વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહી એન.ડી.આર.એફ. દ્વારા કેવી રીતે ઝડપી સહાય તથા બચાવ કામગીરી કરવામા આવે છે. તે બાબતે પ્રેકટીકલ મોક એકસરસાઈઝ કરવામા આવી હતી. આ કાર્યક્રમમા ઈન્સીડેન્ટ કમાંડર તરિકે મામલતદાર, રાજુલા, નાયબ મામલતદાર, ફલડ, ચીફ ઓફિસર, રાજુલા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી રાજુલા, આરોગ્ય વિભાગ તથા પોલીસ વિભાગના કર્મચારીઓ, તલાટી કમ મંત્રી, રેવન્યુ તલાટી વગેરે અધિકારીઓ/ કર્મચારીઓ તથા ગામના સરપંચ તથા અન્ય આગેવાનો



તેમજ માધ્યમિક શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.


■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZS-Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero Near Gopi Cinema, Station Road, Amreli-365601 +91 92899 22254 navnit@heromotocorp.biz

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999


વ્રત નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
નમક વગરની મોળી | બટેટા વેફર્સ | કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ॥ મો. ૯૯૦૯૧ ૦૯૯૫૫

HONDA The Power of Dreams સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# વાર્તા–વૈભવ

## જૂની સાઈકલ

**– બલવીરસિંહ જાડેજા**



બલવીરસિંહ જાડેજા

**(ગયા અંકનું ચાલુ)**

તારામાં મેં એને જોઈ હતી, તું લગભગ એના જેવી લાગતી હતી. તારી ત્વચા વધુ ગોરી અને ઘઉંવરણી, બાકી લગભગ ઘણી બાબતમાં તમારા બન્નેમાં સરખાપણું મને લાગ્યું હતું. પાતળી કાયા, લાંબા વાળા, મોટી આંખો, ગાલમાં ખંજન, અત્યારે ખબર નથી, પણ એ વખતે તું એના જેવી જ લાગતી હતી.'' કહીને મનહર ફરીવાર ગાયત્રીને ખભે માથું રાખી રડી પડયાં.

''જે હોય તે, હવે તો એ તને મારી પાસેથી છીનવીને નહીં લઈ જાય એની મને ખાતરી અને વિશ્વાસ પણ છે. મને કોઈ ચિંતા નથી, જો એ અહીં જ હોય તો આપણે મળીએ એને. તારી લાગણી એ મારી લાગણી છે. હવે સૂઈ જા..'' ના ગાયત્રી, મને ઉંઘ નહીં આવે, તારા જેવી સહૃદયી અને સમજદાર પત્ની હોય પછી માટે કાંઈ જ છુપાવવાનું હોય નહીં. પરંતુ મા અને જાનકી ભાભી પછી મારા જીવનમાં આવેલી, તે પહેલી સ્ત્રી હતી, તું એને કિશોરાવસ્થાનો પ્રે મ કે આકર્ષણ હી શકે છે. ચાલ, હું તને અમારી વાત કરું. ''

''અરવિંદે કહ્યું હતું ને કે, વાસુફોઈ અહીં જ છે, પણ બિચારાં નાની ઉમરમાં, વિધવા થઈ ગયાં, એની જ વાત છે. ગાયત્રી, ગામમાં બધાં જ એને વાસુ કહેતાં, ફકત હું જ એને વાસંતી કહેતો અને અમે બન્ને એકલાં હોઈએ ત્યારે એને હું મસ્તીમાં 'વાસંતી વાયરો' કહીને બોલાવતો. જો કે મેટ્રીક પાસ કર્યા પછી હું તો અમદાવાદ ભણવા જતો રહ્યો, પછી એને લગભગ ભૂલી જ ગયેલો એમ તો નહીં કહું, પરંતુ કારકિર્દી અને આઈ.એ.એસ. બનવાની ધૂનમાં અને વેકેશનમાં પણ, બે–ચાર દિવસ માટે આવીને પાછો જતો રહેતો, તેમજ હું ગોરબાપાનો દીકરો અને એ ખેડૂત અને અમારા યજમાનની દીકરી, એટલે મળવાની ઈચ્છા થાય તો પણ ખાસ મળવા જઈ શકાય નહીં. પછી તો ખબર પડી કે એનાં લગ્ન થઈ ગયાં, એટલે જૂની યાદો સિવાય કાંઈ જ નથી રહ્યું.''

''તને એણે અત્તરની શીશી કયારે આપેલી, મનહર ?''

''એની પણ રસપ્રદ વાત છે, ગાયત્રી. બનતું એવું કે ઘણીવાર અમારા ગામથી તાલુકાના શહેરનો રસ્તો કાચો હોવાથી સાઈકલમાં પંચર કે ઓછી હવા હોવી એ આમભાગે મારી સાઈકલ પર વાસંતી બેસતી, કારણ કે અમે બન્ને સાયન્સનાં વિદ્યાર્થી હતા, જયારે બાકીનાં ત્રણએ આર્ટસનાં વિષયો રાખેલા.

વાસંતી મારી સાઈકલ પર બેસે ત્યારે પાછળ કેરિયર પર બેસતી પણ એ કાંઈ વાત કરે એ મને સંભળાય નહીં એટલે એણે એની વાત સંભળાવવા માટે સાઈકલનાં હેંડલ અને સીટ વચ્ચેનાં ફ્રેમના આડા પાઈપ પર બેસાડવા સૂચન કર્યું. એ રીતે એ ત્યાં બેસવા લાગી, પણ એ ફકત રોડ પર જ, ગામ આવતાં જ એ પાછી પાછળ નાં કેરિયર પર બેસવા જતી રહેતી, કારણ કે એને ગામમાં કોઈ આગળનાં પાઈપ પર બેઠેલી જુએ તો, અમારી વાતો થાય તો વડીલો ગુસ્સે થાય. એ ઘણીવાર એની વાડીમાં ઉગેલા મોગરાની વેણી બનાવીને વાળમાં નાખતી, જેની સુગંધ મને બહુ ગમતી, એટલે એણે મને જન્માષ્ટમીનાં મેળામાંથી મારા માટે મોગરાનું અત્તર લઈને મને ભેટ આપેલું. જે મેં કોઈ દિવસ કોઈ પૂછે કે જાણી જાય નહીં, અને મને બા કે બાપુજી વઢે નહીં માટે મેં કદી લગાવ્યા વિના જ આ ટ્રંકમાં મૂકી રાખેલું. એ જયારે છેલ્લા વરસમાં પિરિયડમાં હો યત્યારે સ્કૂલે આવતી નહીં, એટલે એ સમયે ભણાવેલની નોટ લેવા કે સમજવા પછીથી ઘરે આવતી ને મારી પાસે સમજતી. એણે આપેલા અત્તરની સામે મેં એને પૂછેલુંકે હું તને શું આપું ? કારણ કે મને કાંઈ ગતાગ નહોતી કે એને શું ગમે, છોકરીઓને શું અપાય ? એટલે એણે મને કહેલું કે હું પછી ગમે ત્યારે માંગી લઈશ, પણ પછી એ સમય કદી આવ્યો જ નહીં હજુ પણ એનું એ માંગવાનું બાકી છે.

''આપણે મળીએ ત્યારે તું એને જે જોઈએ તે માંગવાનું કહેજેને, કહીશને?''

''પહેલાં તો આપણે એને દિલાસો આપવાનો છે, એણે પતિને ગુમાવી દીધો એ બાબત. અરવિંદને બે વખત પૂછયું છતાં, વાસંતીનાં પતિને શું થયું હતું એ જણાવ્યું નહી, એટલે પહેલા એ જાણીને એને સાંત્વના આપવી એ આપણી ફરજ બને છે. ખરુંને ગાયત્રી?'' ''હા મનહર, તારી વાત સાચી છે. પછી જો અનુકૂળતા હશે તો માંગવાની વાત ઉચ્ચારીશું.''

બીજે દિવસે સવારે સૌ તૈયાર થતાં હતાં, ત્યાં જ અરવિંદને યાદ આવ્યું, ''કાકા, આ તમારી જૂની સાઈકલને નવાં ટાયર નખાવી, સર્વિસ કરાવી લઈએ, તમે કયાં ગાંધીનગરમાં એ કરાવશો, સાંજ સુધીમાં તો આપણાં ઓળખીતા સાઈકલવાળા બાબુભાઈ ટીપટોપ બનાવી આપશે.'' ''હા મોટાભાઈ, એમ જ કરોને પ્લીઝ, મારે અહીંયા જ સાઈકલ ચલાવવી છે.'' મલ્લિકા બોલી પડી. સૌ ભગુભાને ત્યાં જમવા, સાઈકલ રિપેરમાં આપી ઉપડયા.

ભગુભા સૌની વાટ જ જોઈ રહ્યાં હતા. બન્ને મિત્રો ઉમળકાથી ભેટીને મળ્યા. જમીને સૌ વાતો કરતાં હતાં ત્યારે મનહરે, ભગુભાને કહ્યું, '' એક વાત પૂછવી છે બાપુ !'' ''હા, પૂછને!'' ઈશારાથી બીજા રૂમમાં જવાનો સંકેત સમજી, બન્ને ઉભા થઈ, બીજા રૂમમાં જઈને મનહરે પૂછયું, '' શું થયું હતું, વાસંતીનાં પતિને બાપુ ? કઈ રીતે અવસાન થયું વાસંતીનાં પતિનું ?''

''શું વાત કરુંતને મનુ! બધી રીતે સુખી હતી વાસુ. પંદર વરસનાં લગ્નજીવનમાં બે મજાના દીકરાઓ થયા, બ્રાસપાર્ટસની ફેકટરી સરસ ચાલતી હતી. વાસુનો પતિ, સંજય સ્વભાવે પણ સારો માણસ હતો. અચાનક એક દિવસ, એકાએક ગુમ થઈ ગયો. બીજે દિવસે એની લાશ એની ગાડીમાંથી શહેરથી દૂર રસ્તા પરથી મળી, કોઈ દવા પીને એણે આપઘાત કર્યો! એક ચિઠ્ઠી મળી, એમાં લખ્યું હતું, ''મને માફ કરી દેજે વાસંતી, હું તારો ગુનેગાર છું.'' વાસુ બિચારી ઉપર તો આભ તૂટી પડયું. એને કાંઈ ખબ જ ના પડી કે, સંજયે શું ગુનો કર્યો અને શેના માટે માફી માંગી. એને આજ સુધી ખબર નથી પડી, કે સંજયે શું ગુનો કર્યો હતો, જેના માટે એણે જીવનનો અંત આણ્યો. લોકો જાતજાતની વાતો કરતા કે, સંજયને કાંઈ લફરું હતું, કે વાસુને જાણ થઈ જવાની બીકથી એણે આવું પગલું ભર્યું ! ખરેખર એવું કાંઈ બહાર આવ્યું નહીં. વાસુ બિચારી ખૂબ દુઃખી થઈ છે. મેં વારંવાર જઈને ખૂબ સમજાવી, જાનકીભાભીએ પણ ખૂબ સાંત્વન આપ્યું, ત્યારે એ સ્વસ્થ થઈ છે. મારી એવી ઈચ્છા છે કે તું પણ એને મળીશ તો એને સારું લાગશે, પછી તારી મરજી.''

''ના ના બાપુ, હું તમારી સાથે જ, મારી પત્ની ગાયત્રીને લઈને, વાસંતીને મળવા આવીશ. આપણે પહેલા મારા અહીં આવ્યાની વાસંતીને જાણ તો કરીએ. પછી મળવા જઈએ. બરોબરને?''

''એ તો હમણાં જ થઈ જશે, એના દીકરા સમીરની ફેકટરીનો ફોન નંબર મારી પાસે છ, હમણાં જ વાત કરી જણાવી દઈએ.'' કહીને ભગુભાએ સમીરને ફોન લગાવ્યો, અને જણાવ્યું કે, ''ગોરબાપાનો મનુ, કુટુંબ સાથે, જાનકીભાભીને મળવા આવ્યો છે, વાસંતીને પણ મળવા માગે છે, કયારે મળવા આવે ? પૂછાવ્યું છે. અત્યારે બધાં મારાં ઘરે આજે જમવા આવ્યા છે. સાંજ સુધી અહીં જ છે.'' એ પછી બન્ને મિત્રો, જૂની વાતો વાગોળતા હતા, ત્યાં જ મનહરને યાદ આવ્યું, ''ભગુભા, કુસુમ અને મનસુખનાં શું ખબર છે ? કયાં છે એ બન્ને ?

''મનસુખ તો પહેલાં મુંબઈ અને પછી સુરતમાં, હીરાનાં વેપારમાં છે અને મોટો વેપારી બની ગયો છે. કોઈવાર આવે ત્યારે મળે છે. કુસુમ તો જેમ વાસુની તારી સાથે, લાગણી હતી, તેમ કુસુમ મારી તરફ લાગણી બતાવતી, એ તું કયાં નથી જાણતો ! મારા બાપુને કોઈએ કાનભંભેરણી કરી, એટલે મને વઢ પડી, મેં એને મળવાનું બંધ કર્યું. પછી એને માટે મેં જ આફ્રિકાનો એક મુરતિયો બતાવ્યો, અને એનાં લગ્ન કરાવી, આફ્રિકા મોકલી, મારાથી દૂર.

જેથી ભવિષ્યમાં મારા સંસારમાં કોઈ તકલીફ ન પડે, હવે તો એ યુ.કે.માં લંડન છે.'' ત્યાં જ ભગુભાના ફોનની રિંગ વાગી. ફોન સમીરનો હતો. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર

અમરેલીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનાં ૧૪માં જ્ઞાનસત્રનો આરંભ શનિવાર તા. ૨૭ મી ડિસેમ્બર ૧૯૮૬ ના રોજ થયો હતો. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન તત્કાલીન રાજયપાલ આર. કે. ત્રિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે પ્રમુખસ્થાને શ્રી કે.કા. શાસ્ત્રીજી અને અતિથિ વિશેષ તરીકે શ્રી ઉમાશંકર જોશી હતા. જ્ઞાનસત્રની પ્રથમ બેઠકમાં ઉદ્‌ઘાટન વિધિ અને પારિતોષિક વિતરણનું કાર્ય સંપન્ન થયું હતું. ત્યારબાદ બીજી બેઠક સાંજે ચાર વાગ્યે શરૂ થઈ હતી. આ બેઠકમાં ચર્ચાનો વિષય હતો– ' ગુજરાતી નવલકથાનો રૂપવિકાસ– સરસ્વતિચંદ્રની આવી રહેલી શતાબ્દીને લક્ષ્યમાં રાખીને આ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી પ્રવીણ દરજી, શ્રી જયંત ગાડીત, શ્રી પ્રમોદકુમાર પટેલ, શ્રી જનાર્દન પાઠક, વસુબેન ભટ્ટ, શ્રી વિનોદ અધ્વર્યુ, શ્રી નીતિન વડગામા, પ્રા. અનિલા દલાલે ભાગ લીધો હતો. આ ચર્ચાનું સમાપન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું.

પ્રવીણ દરજી

પ્રવીણ દરજીએ



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી


ગુજરાતી નવલકથાના ઈતિહાસને નજર સમક્ષ રાખીને પોતાનાં તારણો રજૂ કર્યા. ગુજરાતી નવલકથાનો રૂપવિકાસ સ્વતંત્ર અભ્યા માંગતું કાર્ય છે. રૂપવિકાસની ચર્ચાઓમાં મતમતાન્તરોને મોટો અવકાશ છે. ગુરૂતર ધ્યેય અર્થે જાણીબુઝીને નવલકથાના રૂપને કથળવા દીધું છે. સર્જક ગોવર્ધનરામનાં બદલે મનીષી ગોવર્ધનરામ તરફથી મોટા ભાગની બાજી ખેલાતી જોવા મળે છે. સરસ્વતીચંદ્રમાં એવું તે શું છે જે આજે પણ તેની તરફ આકર્ષે છે ? પ્રશ્નમાં જ તેનો ઉત્તર સમાયેલો છે. વિવિધ પરિસ્થિતિમાં મુકાયેલાં પાત્રોના ભાવ–પ્રતિભાવ, મંથન, આંતરસંઘર્ષો, સજીવ વિશ્વ, અનેક સ્તરની પાત્રસૃષ્ટિ જેવા પ્રબળ સર્જન અંશો રહેલા છે.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

સરસ્વતિચંદ્ર વખતે ગોવર્ધનરામ સામે ઝાંખી પાંખી પણ ગુજરાતી નવલકથાની ભૂમિકા હતી, જે મૌલિક કરતાં પ્રેરિત કે અનુદિત વિશેષ હતી. સરસ્વતીચંદ્રનું પ્રાકટ્ય હનુમાન કૂદકા સમુ છે. લેખકે કૃતિને કૃતિથી કંઈક વિશેષ બનાવવા આગ્રહ રાખ્યો છે. **(ક્રમશઃ)**

**બાલમિત્રો,**

તમે શાળામાં પ્રકૃતિ વિશે, નદી વ્શિ, વૃક્ષો વિશે, દરિયો, ખેતરો, જંગલો વિશે નિબંધ લખ્યા હશે. આ બધા નામ પ્રકૃતિમાં આવી જાય. તમે જાણો છો બાલમિત્રો, કે આપણે પ્રકૃતિથી કેટલા બધા દુર થતા જઈએ છીએ ? તમે વહેલા ઉઠી ઉગતો સૂર્ય જોયો છે ? વહેલી સવારે પક્ષીઓનું સંગત, કલરવ સાંભળ્યો છે ! તમેં નદીનું ખળખળ વહેવું સાંભળ્યું છે ? તમેં ઘૂઘવતા દરિયાને સાંભળ્યો છે ? વૃક્ષોને વાતો કરતા સાંભળ્યા છે ? પશુઓની મસ્તી જોઇ છે ? આમાનું આપણે ઘણાએ જોયુ કે સાંભળ્યુ નહીં અને છતાંય પ્રકૃતિ વિશે નિબંધો તો લખીએ છીએ. જાત અનુભવ સિવાય કેમ લખી શકાય ? ખાવાનો, પીવાનો પણ આનંદ હોય છે. ચિત્રો દોરવાની, સંગીત ગાવાની, કસરત કરવાની, પ્રાણાયામ કરવાની, ફિલ્મ જોવાની મજા જ જુદી હોય છે. એમ એકાદ સારુ કામ કર્યાની મજા કેવી હોય એ જોવું જોઇએ. કોઇને મદદરૂપ થવાનો આનંદ એજ જ હોય છે. અરે, એકાદ વૃક્ષ વાવી જોયું છે ? વાવી જોજો, તમે નાચી ઉઠશો. જીવનમાં ડગલે ને પગલે આનંદ આપણી સાથે હોય છે પણ આપણને તેનો અનુભવ થતો નથી પણ કકળાટ કરીએ છીએ, કયાંય મજા આવતી નથી. કયાંથી મજા, આનંદ આવે ? જયાં આપણી અંદર આનંદ નથી પછી આનંદ લૂંટતા નથી, મજા કરતા શીખીએ પછી જુઓ કેવી મજા આવે છે તે.



# દરેક વસ્તુ ઉપયોગી

**– પ્રકાશ ડી. કુબાવત**

જાનુ નામની એક અલ્લડ છોકરી હતી. તે આખો દિવસ બધાની મસ્તી જ કર્યા કરે. ગમે તેના ચાળા કરે.

શિયાળામાં એક દિવસ તે સવારે ઉનની શાલ ઓઢીને નિશાળે ચાલીને જતી હતી. રસ્તામાં તેને ઘેટાંને આવતા જોયા. ઘેટાં નજીક આવતા જ એક ઘેટાંને તેણે ફૂટપટ્ટી મારી.

ઘેટાંએ તેને કહ્યું કે, ''મને મારતા તને શરમ આવવી જોઈએ. મારો તારા પર ઘણો ઉપકાર છે. ઉપકાર ઉપર અપકાર ન કરાય.''

''તારો મારા પર કશો ઉપકાર નથી. હું કોઈનો ઉપકાર માથે ચડાવ તીજ નથી. મારે કોઈની જરૂર નથી.'' જાનુ બોલી.

''તો સાંભળ.''

''ઠંડીથી બચવા તે જે ઉનની શાલ ઓઢી છે તે ઉન મારું છે. મારું ઉન જ તને અત્યારે ઠંડીથી રક્ષણ આપે છે. શાલ વિના તું ઠરી જાત. તને તાવ પણ આવ્યો હોત.'' ઘેટું બોલ્યું.

''આ શાલ તો મારા મમ્મી દૂકાનેથી લાવ્યા છે. એમાં તું વચ્ચે કયાંથી આવ્યું ?'' જાનુ બોલી.

''શિયાળાની કડકડતી ઠંડીમાં મારા માલિક અમારા પરથી ઉન ઉતારી લે છે. ઘણી વખત ઉન ઉતારતા અમને કાતર લાગી જાય છે, અને અમે લોહીલુહાણ પણ થઈ જઈએ છીએ. અમે તમારા માટે થઈ ઠંડીમાં ઠૂઠવાઈએ છીએ અને અમારા ઉનમાંથી તમે ધાબળા, શાલ વગેરે બનાવો છો.'' ઘેટું રડતા–રડતા બોલ્યું.

પહેલી વખત જાનુને ઘેટાની મસ્તી કરવા બદલ ક્ષોભ થયો અને ઘેટાંને સોરી પણ કહ્યું.

આજે તેને ઘેટાં ઉપર ખૂબ દયા આવી. થોડુક ચાલી હશે ત્યાં પશાભાઈની વાડી આવી. વાડીમાં કપાસ ઉભો હતો. તે ચાલતા–ચાલતા કપાસમાં ઉગેલા ફૂલ તોડીતોડીને નીચે નાખતી હતી.

તેને આમ કરતી જોઈ એક ફૂલથી ન રહેવાયું. ફૂલે જાનુને કહ્યું કે, ' 'આમ ફૂલ ન તોડવા જોઈએ.''

જાનુએ કહ્યું કે, ''મને આમ કરવામાં મજા આવે છે. થોડાક ફૂલ તોડું તો શું બગડી જવાનું છે ?''

કપાસના ફૂલે કહ્યું કે, ''તે આ કપડાં પહેર્યા છે તે શેના બનેલા છે તે તને ખબર છે ?''

'ના.' કપડાં તો મે કમલેશભાઈની દુકાનેથી તૈયાર લીધા છે. તેમાં તમે કયાં આવ્યાં ?'' જાનુ બોલી.



''જો આ અમારા ફૂલ છે. તેમાંથી કપાસિયા કાઢી લેવામાં આવશે. આથી રૂ વધશે. રૂમાંથી તાર બનાવવામાં આવે, પછી કારખાનામાં કાપડ બનાવી તેને રંગવામાં આવે. ત્યાર પછી તેમાંથી કપડાં બનાવવામાં આવે. તે જે કપડાં પહેર્યા છે તેના મૂળ માં હું જ છું. તે ઘણા બધા ફૂલ તોડી નાખીને તેને કાપડ બનતા અટકાવ્યા છે. આથી ઘણા ગરીબો કપડા વગરના રહી જશે.'' કપાસનું ફૂલ બોલ્યું.

જાનુને આજ બીજી વાર પોતાના વર્તન ઉપર શરમ આવી. કપાસનાં ફૂલમાંથી કાપડ બને છે તે તો તેને ખબર જ ન હતી. કપાસના ફૂલને પણ સોરી કહી તે આગળ વધી.

વિચારતી–વિચારતી તે આગળ ચાલતી હતી. ત્યાં તેને ઠોકર લાગી અને તે પડતા–પડતા રહી ગઈ. નીચે નજર નાખી તો નાળિયેરના છોતરા હતા. કોઈએ ટોપરું કાઢીને છોતરા કાચલી સહિત નીચે નાખી દીધાં હતા. છોતરાંને ભાંડતી –ભાંડતી તે આગળ જવા લાગી ત્યાં છોતરાં બોલ્યા, ''તું મારા પર ગુસ્સે થઈશ નહીં. હું પણ તને ઉપયોગમાં આવું જ છું.''

''તું મને શું ઉપયોગમાં આવે છે ? હું તો કંઈ તને જાણતી નથી. તું ખોટું બોલે છે કહે જોઈ તું શું કામ આવે છે ?'' જાનવી બોલી.

જો આ મારા રૂછળાં છે, તેમાંથી દોરી બને છે. તેને સીંદરી કહે છે તું જે ખાટલા ઉપર સૂવે છે તે ખાટલાની દોરી મારામાથી બનેલ છે.'' રૂછળા બોલ્યા. વળી વાતો આગળ વધારતા કહે, ''ટોમી ગલૂડિયાને તું જે કોથળા ઉપર સુવડાવે છે તે પણ મારામાંથી જ બનેલ છે.''

''તું પણ મને ખૂબ જ ઉપયોગી છે તે આજે જાણ્યું.'' જાનુ બોલી. 'સોરી હવે હું તારા પર કયારેય ગુસ્સે નહીં થાવ.'' પસ્તાવા સાથે જાનુ બોલી.

જાનુ શાળાએ પહોંચી ત્યાં સુધીમાં તેનું વર્તન સુધરી ગયું હતું. તેને સમજાયું કે આપણે ઉપયોગી એવી ઘણી વસ્તુઓ છે જે આપણે જાણતા નથી.

# બંગભંગ અને રાષ્ટ્રીય જાગૃતિ

## સ્વરાજય મારો જન્મસિધ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક



**કલકત્તા અધિવેશન અને સ્વરાજય**

કલકત્તા કોંગ્રેસ પર પણ તિલક છવાયેલા રહ્યા. કલકત્તા અધિવેશનમાં જ પહેલીવાર કોંગ્રેસને 'સ્વરાજય' શબ્દનો ઉપયોગ કર્યો. 'સ્વદેશી રાષ્ટ્રીય શિક્ષણ'ના સમર્થન સાથે જ વિદેશી શાસન અને વસ્તુઓ તથા ઉદ્યોગોનો બહિષ્કાર અંગે પ્રસ્તાવ પણ સ્વીકારાયો.

તિલકે પોતાના ભાષણમાં 'શાંતિમય પ્રતિરોધ'નો સિદ્ધાંત સમજાવ્યો. વિપીનચંદ્ર પાલે બહિષ્કાર અંગે પ્રસ્તાવ રજૂ કર્યા. નરમદળની બેચેની છતાં તિલકનાં ગરમદળની વાતો કલકત્તા અધિવેશનમાં સ્વીકારાઈ.

**રાષ્ટ્રીય શિક્ષણ, રાષ્ટ્રીય ભાષા**

અંગ્રેજ પોતાની શિક્ષણ પ્રણાલિ દ્વારા દેશમાં માનસિક રૂપે પોતાના ગુલામો પેદા કરી રહ્યાં હતા.



તિલક આ ગુલામવાળા શિક્ષણને રાષ્ટ્રવિરોધી માનતા હતા. તેઓ આ હલકા શિક્ષણની વિરુદ્ધ હતા. 'ભારતીય શિક્ષણનાં તરફદાર' હતા. માતૃભાષાનાં માધ્યમથી તેઓ ૭–૮ વર્ષોમાં રાષ્ટ્રીય વિદ્યાલયોમાં શિક્ષણ અપાવવા ઈચ્છતા હતા. તેઓ જાણતા હતા કે માત્ર ભણી ગણીને આપણા યુવાનો જીવનકાર્યમાં સફળ થઈ શકશે નહિ. એમણે જણાવ્યું કે વિદેશી ભાષા શીખવામાં આવી જોર–જબરજસ્તી ભારત સિવાય અન્ય કોઈ દેશમાં કરવામાં નથી આવતી.

તેઓ એ સમયનું અંગ્રેજી શિક્ષણ અનિવાર્ય છે એ બાબતની તરફેણમાં નહોતા. ડીસેમ્બર ૧૯૦૫માં 'કાશી નાગરી પ્રચારિણી' સભાનાં એક સંમેલનમાં ભાષણ કરતાં તિલકે સૂચન કર્યુ હતું કે ' દેવનાગરી' રાષ્ટ્રભાષા હિન્દીની જેમ જ રાષ્ટ્રીય લિપી છે.અ ક રાષ્ટ્રીય લિપીની આવશ્યકતા પર ભાર આપતાં એમણે જણાવ્યું હતું, ''એક લિપી રાષ્ટ્રીય આંદોલનનું અભિન્ન અંગ છે. આપણે સમગ્ર ભારત માટે એક જ ભાષા બનાવવી જોઈએ. જો રાષ્ટ્રને સંગઠિત કરવું હોય તો એના માટે રાષ્ટ્રભાષાથી મોટી કોઈ શકિત હોઈ ના શકે.'' તેઓ રાષ્ટ્રીય ચરિત્રનો વિકાસ કરવા માટે રાષ્ટ્રીય શિક્ષણને જરૂરી માનતા હતા. રાષ્ટ્રીય શિક્ષણનાં માધ્યમથી જ તેઓ ભારતને એક સંગઠિત, સ્વાધીન રાષ્ટ્ર બનાવવા ઈચ્છતા હતા.


# મૂર્ખાઇ ભરી દલીલો

**(ગયા અંકનું ચાલુ)**

એનાથી સાવધાન ! એ બધી મનની ચાલોથી અંજાઈ જઈશ નહિ. છલાંગ માર એ ડાકણ પર. ફેંકી દે... થૂંકી નાખ બીડી પર દ્રઢ સંકલ્પ કર. એની શું હિંમત છે તારા હોઠ સુધી આવવાની ?

અગર તમે આ ડાકણને તજવામાં દ્રઢતા ન અનુભવી શકો તો એક ઉપાય આ પણ છે : વહેલી સવારે ઉઠો. પથારીમાં નિશ્ચય કરો કે, 'આજે બે બીડી ઓછી કરવાની છે. હરિ ઓમ... ઓમ... ઓમ....! એટલું બળ તો મારામાં છે જ. હરિ ઓમ... ઓમ... ઓમ...!' આમ કરવાથી દસ દિવસમાં વીસ બીડી છૂટી જશે તમારી.

કેટલાક એવી દલીલ કરે છે કે પડેલી ટેવ છૂટતી નથી. પોતાની જાત ઉપર એટલો પણ કાબૂ ના લવાય ? તો તમે દુનિયામાં બીજાનું શું ભલું શું કરી શકશો ? પોતાની જાત પર ઉપકાર નથી કરી શકતા તો બીજાનું શું દાળદાર મારવાના છો ? તમે માત્ર બીડી છોડવાની દ્રઢ ઈચ્છા કરો, તો પછી બીડીની શું મજાલ છે કે એ તમારી પાસે પણ આવે ? બીડી સળગીને તમારા મોઢામાં તમારું કાળજુ બાવળા આવવાની નથી. તમે જાતે તમારું કાળજુ બાળવાનું કામ કરો છો. બીડીને બદલે કુદરતે બક્ષેલી સુંદર ચીજો જેવી કે કાળી દ્રાક્ષ, વરિયાળી, ઈલાયચી, તુલસી,




લવિંગ, કાળા મરી વગેરે મોંમાં રાખશો તો બીડીની કુટેવ આપોઆપ છૂટી જશે. કેટલાક વળી એવી દલીલ કરતાં હોય છે કે પોતે બીડી નથી પીતા ચલમ પીવે છે. અરે ભાઈ, સાપને બદલે ચંદન ઘો કરડે તો કાંઈ વાંધો ખરો ? શરીરમાં જે નુકસાન થાય છે તે તમાકુમા અને તેના ધુમાડામાં રહેલા ઝેરને લીધે જ થાય છે. તેથી તમે બીડી પીઓ કે સિગારેટ, ચમ પીઓ કે હુક્કો, છીંકણી સૂંઘો કે તમાકુ પાનમાં નાખીને ખાઓ, વાત એકની એક જ છે. તેથી ઝેર શરીરમાં જવાનું જ છે અને શરીરમાં ભયંકર રોગો પેદા થવાના જ છે. આમાં સંસ્કારનો પણ સવાલ છે. તમે બીડી પીતા હશો તો તમારું બાળક શું શીખશે ? એ જ લક્ષણ ! એ જ અદત કે જે આદતો તમારામાં મોજૂદ છે. એનો અર્થ એ જ કે તમે તમારા બાળકની જીવનદોરી ટૂંકી કરવા માંગો છો. તેને બીડીથી થતી જીવલેણ બીમારીઓમાં ધકેલવા માંગો છો. તમે તમારા બાળ કની જિંદગી સાથે ખેલી રહ્યા છો.

તમે પોતાના બાળકની ભલાઈ માટે તો બીડી છોડો ! ડોકટરોએ સાબિત કર્યુ છે કે જેના લોહિમાં દારૂથી આવેલ આલ્કોહોલ હોય છે, જેનાં કારણે દસમી પેઢીનાં બાળકને આંખનું કેન્સર થઈ શકે છે. તમે પોતાની સાથે અને તમારા વંશજો સાથે આવો જુલમ શા માટે કરો છો ? તમારાં નિર્દોષ બાળકોએ તમારું શું બગાડયું છે કે તમે તેમનામાં ખરાબ લક્ષણોનાં બીજ રોપો છો ?

અમેરિકામાં તાજેતરમાં નવા જન્મેલા ૭૫૦૦ બાળકોને તપાસતાં માલુમ પડયું કે, બીડી–તમાકુના વ્યસનીઓનાં બાળકો બનતાં સુધી નબળાં હતાં અને વજનમાં પણ હલકાં હતાં. તમે તો બીડીને બસ મોજશોખની ચીજ ગણો છો, પણ નુકસાન માત્ર તમને જ થતું નથી પરંતુ તેનું ફળ તમારાં નિર્દોષ બાળકોને પણ ભોગવવું પડે છે. અને દુઃખની વાત તો એ છે કે તમે તમારાં બાળકોની તંદુરસ્તી માટે, સુખ માટે કશું જ વિચારતા નથી !''

# નિબંધ : મારી પ્રિય રમત ક્રિકેટ

મારી પ્રિય રમત ક્રિકેટ છે. હું ૫ કે ૬ વર્ષનો હતો ત્યારે મે મોટા ભાઈઓને મેદાનમાં એક રમત રમતા જોયા, મને તે રમતનું નામ તો ન આવડતું હતું પણ મેં તે જોયું એક દડો એક વ્યકિત ફેંકે ને બીજો સામેનો વ્યકિત તે દડો બેઠ વડે ફટકારે. જો દડો પાછળ અડી ગયો તો આઉટ. દોડતા દોડતા લીટી સુધી ન પહોંચે કે દડો કેચ તો પણ આઉટ. મેં ઘેર જઈ મમ્મીને આ વાત કહી મમ્મીએ કહયું આ રમતું નામ ક્રિકેટ છે.

હું બીજા દિવસે આ રમત રમવા મોટા ભાઈઓ સાથે ગયો તેમણે મને રમાડયો મેં ૧ રન માર્યો. મને આ રમતમાં રસ આવ્યો. હું દરરોજ રમવા જાવ છું. હું ૧૨ વર્ષનો થયો ત્યારે ટી.વી.માં મેચ જોતા ને ક્રિકેટ શીખતો. એક દિવસ પપ્પાએ મને એક બેટ




લઈ આપ્યું. હું ખુબ ખુબ થયો ને રમવા ગયો. મેં એકવારમાં જ સિકસ મારી, હું સારો રમ્યો અને અમારી ટીમ બીજી ટીમ કરતા ૧૦ રન થી જીતી ગઈ.

હું મોબાઈલમાં ક્રિકેટ વિશે જાણુ, ક્રિકેટમાં ૧૧ ખેલાડીઓ આવે. હું મેચ ટી.વી.માં મેચ જોતો હતો. મેં તેમાં જોયું વિરાટ નામનો ખેલાડી ખુબ જ સારુ રમે છે. હું પછી મોબાઈલમાં વિરાટ વિશે જાણ્યું

હું ૧૪ વર્ષનો થયો ત્યારે હું ખુબ સારુ ક્રિકેટ શીખી ગયો. એકવાર હું રમવા ગયો સામેની ટીમ ૩ રનથી જીતી પછી અમારી ટીમે બીજીવાર ૨ રનથી જીત હાશીલ કરી.

મને ક્રિકેટ બહુ જ ગમે હુ મોટો થઈ ક્રિકેટર બનવા માગું છું. હું મારા દેશ માટે રમવા માંગું છું અને દેશને જીતાવવા માંગું છું.

તેથી મને ક્રિકેટ બહુ જ ગમે, ક્રિકેટ મારી પ્રિય રમત છે....

**ચાવડા ભાવિન**
**ધો.૫, રૂપાયતન**
**પ્રા.શાળા, અમરેલી.**

# સંકલ્પ શકિતનો વિકાસ

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૭. સતત ચિંતન માટે જરૂરી ધ્યાન**

વિચાર એ મહાન શકિત હોવાથી તેમાં અગાધ બળ રહેલું છે. આ શકિતને શ્રેષ્ઠ રીતે તેમજ અસરકારક રીતે કેવી રીતે વાપરી શકાય તે જાણવું અગત્યનું છે. ધ્યાન દ્વારા જ કામ સરસ રીતે પાર પાડી શકાય.

વ્યવહારિક વિચાર શકિત એટલે જે વસ્તુ કે કાર્ય આપણે કરવાનું હોય તેના ઉપર મનને લગાડવાનું કે એકાગ્રતા એટલે ચિંતન સતત રાખવું તે. આ બન્ને ક્રિયાથી જેમ જેમ મન વિકાસ પામતું જાય તેમ તેમ તે શુદ્ધ, શાંતને સ્થિર થતું જાય છે.

જયારે વસ્તુનું એકાગ્ર ચિંતન સતત હોય અને જયારે તેમાંથી મનને આનંદ, શાંતિ ને સુખ પ્રાપ્ત થાય ત્યારે તેને ધ્યાન કહે છે.

**૮. સર્જક વિચારશકિત કેળવો**

વિચાર એ જીવતી જાગતી સૂક્ષ્મ શકિત છે– તેના જેટલી સૂક્ષ્મ, શકિતશાળી અને દુર્ઘર્ષ શકિત વિશ્વમાં બીજી એક ય નથી.

વિચારો ચેતન મૂર્તિમંત પદાર્થો છે. તેઓ ગતિ કરે છે. તેઓને આકાર, રૂપ, રંગ, ગુણ,ઘનતા, શકિતને વજન હોય છે. વિચાર એ જ સાચું કર્મ છે. તે શકિતશાળી કર્મ તરીકે પ્રગટ થાય છે.

એક આનંદનો વિચાર તેનાં પ્રતિબિંબરૂપે બીજામાં પણ સામો તેવો જ આનંદનો વિચાર ઉત્પન્ન કરશે. અશુભ વિચારને નિર્મૂળ કરવા માટે તેનો વિરોધી શુભને ઉન્નત વિચાર ઉત્પન્ન કરવો જ જોઈએ.

ઉમદા ભવ્ય વિચારોને અમલી બનાવીને જ આપણે સર્જક શકિત મેળવી જોઈએ.

**૯. વ્યકિતત્વનો વિકાસ કરો. ઉલટાં સૂચનોની સામે થાઓ**

બીજાનાં વિરોધી સૂચનોની અસર તમારા પર ન થાય તેનું ધ્યાન રાખો. તમારા પોતાનાં ભવ્ય વ્યકિતત્વને જાળવી રાખો. આપણ પ્રત્યે ફેંકેલું તીવ્ર વિરોધી સૂચન જો કે કદાચ તાત્કાલિક અસર ન કરી શકે તો પણ તે કદાપિ તદ્દન નિષ્ફળ જતું નથી. યોગ્ય કાળે તેની અસર થવાની જ. એકબીજાનાં સૂચનથી જ દુનિયા ઘડાય છે ને બદલાય છે. બીજાનાં સાથેના સહવાસથી આપણું ચારિત્ર આપણેને ખબર ન પડે તેવી રીતે કેળવાય છે. જેની આપણે પ્રશંસા કરીએ છીએ તેનાં કાર્યોનું અજાણપણે આપણા જીવનમાં આપણે અનુકરણ કરીએ છીએ. જેના જેના પ્રસંગમાં આપણે રોજ આવીએ છીએ તેની અસર આપણા પર થવાની જ. તેના સૂચનો આપણા મનના વિચારો સાથે અથડાવાનાં જ. નિર્બળ મનોબળવાળો માણસ સબળ માનસિક શકિતશાળી આગળ નમી પડવાનો જ.

નોકર હંમેશા માલિકના સૂચનની અસર નીચે, સ્ત્રી પતિના, દરદી ડોકટરના ને શિષ્ય ગુરૂનાં સૂચનની અસર નીચે હોય છે.

રૂઢિ કે રિવાજ પણ સૂચનનું જ પરિણામ છે. તમારો પોષાક, તમારી રીતભાત, વર્તણુંક અને તમારો ખોરાક પણ સૂચનનાં જ પરિણામ છે.


કુદરત પણ માણસને વિવિધ રીતે સૂચન કરી દોરે છે. દોડતી નદીઓ, પ્રકાશતો સૂર્ય, સુગંધી ફૂલો, ઉગતાં વૃક્ષો વગેરે અવિરત રીતે પ્રેર્યા જ કરે છે.

**૧૦. વિચારનાં નિયમથી ઉત્પન્ન થતી અતિમાનુષી શકિતઓ**

મનની ગુઢ શકિતઓ પર કાબૂ ધરાવનાર શકિતશાળી માણસ પોતાની એકાગ્ર શકિતથી આખી સભાનાં માણસો પર હિપ્નોટિઝમ કરી શકે છે અને દોરડા પર ચડવાનો ખેલ કરી બતાવે છે. તે આકાશમાં ચડશે ને તરત જ આંખનાં ઈશારામાં તો અદ્રશ્ય થઈ જાય છે. પણ આનો ફોટોગ્રાફ લેતાં તેમાં કંઈ જ દેખાતું નથી.

સંકલ્પમાં રહેલી શકિતઓને સમજો ને જીવનમાં ઉતારો. મનમાં છુપાયેલી ગૂઢ શકિતઓને પ્રકટ કરો. આંખો બંધ કરો. મનને એકાગ્ર કરો અને મનનાં આંતર પ્રદેશમાં ડૂબકી મારો.

# નિબંધ : મારા આદર્શ : સરદાર વલ્લભભાઇ પટેલ



આપણા દેશની આઝાદી દેનારા આપણા ઘણા નેતાઓ છે જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ પણ છે.

આપણા દેશને આઝાદી માટે સરદાર વલ્લભભાઈ પટેલે અંગ્રેજ સામે નીડરતાથી લડત હાશીલ કરી છે. સરદાર વલ્લભભાઈ પટેલનો સ્વભાવ બહારથી કડક લાગતો હતો પણ એ અંદરથી નાજુક હતા. જેમ કે, નારીયેળનું બહારનું પડ કેવું મજબુત હોય પણ એનામાંથી અંદરથી મલાઈ નીકળે છે. એટલે કે, એ અંદરથી નાજુક હતા.

આપણા દેશની ત્રિમૂર્તિ પણ છે. સરદાર વલ્લભભાઈ પટેલ પવિત્રતાને અપનાવ્યુ અને ગાંધીજીએ સત્યને અપનાવ્યુ અને નહેરૂએ સૌદર્યને અપનાવ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલને સરદાર એટલા માટે કેહવામાં આવ્યા છે કે તેઓ ખેડૂતોના સરદાર હતા એટલે તેમને લોકોએ નવું નામ આપ્યુ કે ખેડૂતોના સરદાર એટલે સાથે સાથે નામ પડયુ કે સરદાર વલ્લભભાઈ પટેલ.

એક દિવસની વાત છે. સરદાર વલ્લભભાઈ પટેલ કેસ કોર્ટમાં લડતા હતા અને થોડીવારમાં એક યુવાન આવીને તેમને એક તાર (ટપાલ) આપી ગયો. સરદાર વલ્લભભાઈ પટેલ તે તારને (ટપાલ) વાંચીને ખીસ્સામાં મુકી દીધો. કોર્ટમાં કેસ પુરો થતા એક યુવાને પૂછયુ કે સરદાર વલ્લભભાઈ શે નો તાર (ટપાલ) હતો. સરદાર વલ્લભભાઈ પટેલ ધીમેથી શ્વાસ મુકીને બોલ્યા કે મારી પત્નીનું અવસાન (મૃત્યુ) થયું છે. પોતાની પત્નીનું અવસાન થયું તોય સરદાર વલ્લભભાઈ પટેલે કોર્ટનો કેસ લડયા તેના ચહેરા કોઈ ઉદાશી ન હતી. આવા અખંડ ભારતના શિલ્પીઓને કેમ ભૂલાય. સરદાર વલ્લભભાઈ પટેલને અખંડ ભારતના શિલ્પી એટલે કહેવામાં આવ્યા કે તેને અખંડ ભારતને આખું જોડયુ જુદા જુદા દેશ તથા રાજયોને તેમને નિડરતાથી લડીને અખંડ ભારતના શિલ્પીને ખંડ બનાવ્યું, આવા સરદાર વલ્લભભાઈ પટેલને લાખ–લાખ વંદન...


**નિસરતા કાજલ રમણભાઈ**
**ધો. ૮–અ, જેશીંગપરા કન્યાશાળા, અમરેલી.**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



: ચિત્ર :
ઉપાસના ભાર્ગવ પરમાર
ધોરણ–૪, શિશુમંદિર,

# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૬૧. કથામાં બેસો ત્યારે સંસારથી અલગ થઈ જાઓ.
૬૨. ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે. વકતા–શ્રોતા ક્રોધ ન કરે.
૬૩. કેવળ જાણેલું કામ આવશે નહી, પણ જીવનમાં ઉતારેલું કામ આવશે.
૬૪. પૂર્વજન્મના વિચારો ન કરો. આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો.
૬૫. ઈશ્વરચિંતન, ધ્યાન, મનુષ્ય કરે તો ઈશ્વરની શકિત મનુષ્યમાં આવે છે.
૬૬. ક્રિયામાં અમંગળપણું કામથી આવે છે.
૬૭. જે મનમાં કામ છે એનું સ્મરણ કરશો તો એનો કામ તમારા મનમાં આવશે.
૬૮. સવારમાં મંગલચરણ કરો, મધ્યાન્હે મંગલાચરણ કરો, અને રાત્રે સૂતાં પહેલા મંગલાચરણ કરો.
૬૯. વારંવાર એક જ સ્વરૂપનું ચિંતન કરો.
૭૦. વંદન દરેક દેવને કરો પણ ધ્યાન એક જ દેવનું કરો.

# જ્ઞાનમંજરી

**ગુજરાતમાં સૌથી મોટું**

૧૬. ગુજરાતમાં સૌથી મોટું શહેર કયું છે ?(વસ્તીની દ્રષ્ટિએ)
– અમદાવાદ
૧૭. ગુજરાતમાં સૌથી મોટું સરોવર કયું છે ?
– નળ સરોવર, ક્ષેત્રફળ ૧૮૬ ચો.સેમી.
૧૮. ગુજરાતમાં સૌથી મોટું પુસ્તકાલય કયું છે ?
– સેન્ટ્રલ લાઈબ્રેરી વડોદરા
૧૯. ગુજરાતમાં સૌથી લાંબો દરિયાકિનારો કયો છે ?
– જામનગર જિલ્લામાં, લંબાઈ ૩૫૪ સે.મી.
૨૦. ગુજરાતમાં સૌથી લાંબી નદી કઈ છે ?
– સાબરમતી ૩૨૦ કિ.મી.
૨૧. ગુજરાતમાં સૌથી ઉંચુ પર્વતશિખર કયું છે ?
– ગોરખનાથ(દતાત્રેય)– ગિરનાર, ઉંચાઈ ૧૧૧૭ મીટર
૨૨. ગુજરાતમાં સૌથી વધુ મંદિરો ધરાવતું શહેર કયું છે ?
– પાલિતાણા(જિ. ભાવનગર) ૮૬૩ જૈનમંદિર

# હસવાની મનાઇ છે : જોક્સ

મચ્છરનું બચ્ચુ પહેલીવાર ઉડયું
તે પરત આવ્યુ ત્યારે એના પપ્પાએ પૂછયું : કેવું લાગ્યું ?
મચ્છર : ખુબ સારૂ...
જયાં પણ ગયો ત્યાં લોકો તાળીઓ પાડી રહયા હતા.

---

રોનાલ્ડો : જો હું બોલને લાત મારુ તો તે ૩ મિનિટ સુધી હવામાં ગોળ ગોળ ફરે છે.
રજનીકાંત : શું તને ખબર છે કે પૃથ્વી અત્યાર સુધી ગોળ કેમ ફરે છે.

---

બે છોકરીઓ કેરીના ઝાડ નીચે બેઠી હતી અને વાતો કરતી હતી.
થોડીવાર પછી અચાનક એક કેરી તેમના પર પડી.
એક છોકરી કહે, અરે... આ.... કેરી કેવી રીતે પડી ?
કેરી કહે...હું પાકી ગઈ તમારી વાતો સાંભળી સાંભળીને.

**– બામણિયા દિવ્યે, ધો. ૮(અ), રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**

# હાલરડાના ઝરણા સુકાયા ?

ગુજરાતી ભાષામાં હાલરડાનું જે કાવ્ય સ્વરૂપ છે તે અપ્રતિમ અને બેનમૂન છે. આપણા પૂર્વજોએ આપણને જાણે કે ગીત સંગીતમાં જ જન્મ અને ગીત સંગીતમાં મૃત્યુના સંસ્કાર આપવાની ખેવના રાખેલી છે. ગુજરાતનાં સમગ્ર લોકજીવનનો બહુ બારીકાઈથી અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે પ્રાસંગિક ગીત રચનાઓ પ્રજા પાસે કેટલી બધી છે ! બાળક જન્મે ત્યારથી એ મૃત્યુ પામે ત્યાં સુધીનાં છેક છેલ્લા હૈયાફાંટ રૂદન કરાવતા મરશિયાઓ પણ આપણા વારસામાં આપણને મળેલા છે. જન્મથી જ બાળકને હિંચકાનાં લય સાથે જીવનનાં લયનો પરિચય કરાવવામાં પોતાના કોમળ કંઠે લોકઢાળની હલકમાં જે હાલરડાં ગાય છે અને એમાંથી બાળકને શબ્દ અને લયનાં જે ભાષા સંસ્કાર મળે છે તેનો તો આ જગતમાં જોટો જડવો મુશ્કેલ છે. તકલીફની વાત એ પણ છે કે હાલરડાંઓનાં સારા સંગ્રહો, સસ્તી આવૃતિઓ, સારી રીતે પસંદ થયેલી રચનાઓની કેસેટો આપણા નવી પેઢીનાં સ્ત્રી સમાજ પાસે ઉપલબ્ધ નથી. એના હાથમાં આ બધું મૂકવાની જવાબદારી પેલા માત્ર મનોરંજનની પ્રવૃતિ કરનારા લેખકો, પ્રકાશકો, ઉત્પાદકો અને સમાજના મોભીઓની પણ છે. ગુજરાતી પ્રજાનાં કંઠમાંથી આ મધુર ઝરણા સાવ સુકાઈ જાય એ પહેલા એને પુનઃપ્રવાહિત કરવા જરૂરી છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## હાઈવે ઓફ લાઈફ

રોડ અકસ્માતોનો ઈતિહાસ કહે છે કે, વાંકા–ચૂંકા ઉબડખાબડ કાચા રસ્તાઓ કરતાં સીધા–સપાટ, સારા માર્ગો પર જ વધારેમાં વધારે જીવલેણ અકસ્માતોની પરંપરા સર્જાય છે ! આશ્ચર્યજનક લાગતી આ વાત સાચી છે. સીધા–સપાટ–સારા માર્ગો પર ડ્રાઈવીંગ સીટ પર બેઠેલી વ્યકિત બેધ્યાન–બેદરકાર બને છે. કંઈક આવું જ જીવનનાં પથનું... તેમાં મુશ્કેલીઓનો ડાઈવર્ઝન, સંકટોનાં બમ્પ, વિપત્તિઓનાં સ્પીડબ્રેકર ન આવે તો 'નિરાંત'વાળો ડ્રાયવર સાવધ ન રહે અને ખરાબ રસ્તા પર વાહનચાલક સતત સાવધ રહેતો હોય છે.

# રાણી લક્ષ્મીબાઈ

**– શશિ શર્મા**



**ભાગ– ૨૭**


તાત્યા ટોપે પરાજય પામીને પાછા ફર્યા છે, તે સમાચાર રાણીને મળી ચૂકયા હતા. પરંતુ એમણે સાહસ છોડયું નહીં. સૈનિકોને હિંમત આપતાં એ યુદ્ધ કરતાં રહ્યાં.

તાત્યા ટોપેનાં પરાજયથી સર હ્યુરોજની હિંમત વધી ગઈ હતી. તે જલદી ઝાંસી પર વિજય મેળવવા ઈચ્છતો હતો. આથી એણે એક યોજના તૈયાર કરી કે, ઝાંસી પર એકીસાથે ત્રણેય બાજુથી આક્રમણ કરવું. મેજર ગાલને પશ્ચિમ દિશાથી, બ્રિગેડિયર સ્ટુઅર્ટ અને કર્નલ લોથને ઓરછા દરવાજેથી અને લેફટનેન્ટ ડિક તથા લફટનેન્ટ મોકર્લજનને દક્ષિણ દિશાએથી આક્રમણ કરવાનો ભાર સોંપાયો. ત્રણે તરફથી ભારે હુમલા પછી પણ તેઓ કિલ્લાની અંદર જઈ શકતા નહોતા. અંગ્રેજોએ એક ચાલ ચાલવાનું નક્કી કર્યુ. એમણે ઓરછા દરવાજા પર સજજ દુલ્હાજુને પોતાની સાથે ભેળવી દીધો. એણે રાણીનો વિશ્વાસઘાત કરીને કથા વિરોધ વગર કિલ્લાનો દરવાજો ખોલી દીધો. અંગ્રેજ ફોજ અંદર ઘૂસી આવી. રાણીનાં સૈનિકોએ હિંમતપૂર્વક મુકાબલો કર્યો. રાણીને જયારે આ દુર્ઘટનાની જાણ થઈ, તો એમને ઘણું દુઃખ થયું. પોતાના જ દેશવાસી પોતાના જ દુશ્મન નીકળ્યા. ગોરા સૈનિકોએ શહેરમાં લૂંટફાટ મચાવી દીધી. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓનો નિર્દયતાથી જાન લેવા લાગ્યા.

રાણીને લાગ્યું કે હવે ઝાંસીને બચાવવી મુશ્કેલ છે. મહેલની અગાશી પરથી એ સળગતા ઝાંસી નગરને જોઈ રહ્યાં. ચારેબાજુ હાહાકાર મચી ગયો હતો. આ દ્રશ્ય જોઈ રાણીનું મન ખૂબ દુઃખી થયું. એ જીવતે જીવ અંગ્રેજોનાં હાથમાં પડવા માગતાં નહોતાં. પોતાના કર્મચારીઓને એકઠા કરી એમણે કહ્યું, "હું મારા વાડામાં દારૂગોળો ભરાવી એમાં મારા હાથે જ આગ લગાડી સન્માનપૂર્વક મરવા ચાહું છું. જેઓ મારી સાથે મરવા ઈચ્છે છે તે અહીં રહે, બાકીનાં લોકો રાત્રે શહેરમાં જતા રહે." આ વાતથી લોકોને બહુ દુઃખ થયું. એક વૃદ્ધ સરદારે હાથ જોડીને રાણીને સમજાવ્યું કે આત્મહત્યા પાપ છે, જે વીરોને શોભતી નથી.

એણે રાણીને રાત્રે જ કિલ્લામાંથી નીકળીને પેશ્વા પાસે કાલપી જતાં રહેવાની સલાહ આપી, જેથી જયારે તક મળે ત્યારે ઝાંસીને ફરીથી આઝાદ કરાવી શકાય. બધાએ આ સલાહને સમર્થન આપ્યું. રાણી અંતિમ વાર ઝાંસીને પ્રણામ કરી પુત્ર દામોદર રાવને પોતાની પીઠ પર બાંધી પુરુષ વેશમાં ઘોડા પર સવાર થઈ પવનવેગે કિલ્લામાંથી નીકળી ગયાં. પાછળ પાછળ એમના પિતા મોરોપંત અને ખાસ સરદાર પણ લડતાં લડતાં બહાર આવી ગયા.

# નિબંધ : મારા આદર્શ : પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ



મારા આદર્શ છે સંત એ પણ મહાન પુરૂષ પરમ પૂજય પ્રમુખ સ્વામી. તેઓએ અનેક ખુબ સારા કાર્યો કર્યા છે. તેઓ એક સ્વામિનારાયણ બીએપીએસ સંસ્થાના છે. તેઓ આ આખી સંસ્થાના પ્રમુખ હતા.

તેઓ પોતાના હરિભકતો માટે ખુબ જ ભીડો વેઠયો છે. તેઓ અનેક લોકોના હૃદમાં, મનમાં તેઓ વસ્યા હોય છે. પણ તેજ ખાલી નઈ તેનાથી ઉપર તેમના ગુરૂઓ પણ આ સંસ્થામાં હતા.

તેઓએ પણ લાખો કરોડો લોકોના દિલ જીત્યા છે. તેઓની આ ગુરૂપરંપરા ચાલી આવે છે અને હાલની તકે અમારા પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંતસ્વામી મહારાજ અત્યારે તેઓ હાલની તકે બીરાજમાન છે.

તેઓ પ્રમુખસ્વામી મહારાજના ખુબ મોટા ભકત હતા. મહંત સ્વામી મહારાજ તો શાંત નિર્મળ, નિસ્વાર્થ ભાવ રાખીને પોતાના હરિભકતોને રાજી કરે છે. આ સંસ્થામાં જેટલા પણ સંતો–હરિભકતો છે તેઓ બધા જ મહંત સ્વામીને રાજી કરવાના પ્રયત્ન કરતા હોય છે.


પ્રમુખ સ્વામી મહારાજનું અવસાન થયા પછી, બધા હરિભકતો સંત બધા જ રડયા હતા. આ સંસ્થામાં અમને એવું જ્ઞાન આપે છે ને કોઈ દિવસ કોઈ હરિભકતના અભાવ–અવગુણ લેવા નહિં બધાનું સારુ વિચારવું.

પ્રમુખ સ્વામી મહારાજનો ૧૦૦મો શતાબ્દી મહોત્સવ હમણાં જ અમદાવાદમાં ઉજવવામાં આવ્યો હતો અને ત્યાં લાખો કરોડો માણસો આવ્યા હતા અને ત્યાં જેટલા પણ હરિભકતો અને સંતજનો હતા ત્યાં ખુબ જ મોટી સેવા કરી હતી અને મહંત સ્વામી મહારાજ ખુબ જ રાજી થયા અને તેઓ અમને શીખવાડે છે કે કોઈ દિવસ વડીલો સામે બોલવું નહી, માતા–પિતાની આજ્ઞા પાળવી, નિયમો દ્રઢ કરવા અને અક્ષરધામ મળે એવી પ્રાર્થના કરવી. પ્રમુખ સ્વામી કહેતા તેણે ઉપદેશ આપ્યો હતો કે જીવનમાં હંમેશા ખુબ રહેવા માટે "બીજાના દુઃખમાં આપણું દુઃખ અને બીજા સુખમાં આપણું સુખ".


આ ઉપદેશ તેણે આપ્યો હતો અને તેઓ કહેતા કે જો અક્ષરધામ જોતુ હોય તો "આજ્ઞા–ઉપાસના" આ બંને તેની પાંખો છે. તેઓ પોતાના હરિભકતોને કદી નિરાશ ન કરે અને ખુબ ભીડો વેઠીને પોતાના હરિભકતોને રાજી કરતા હોય છે. અંતે વાણિને વિરામ આપતા કહું છું...
જય સ્વામિનારાયણ....

**ગોહિલ માનસી આર.**
**શાળા : દીપક હાઈસ્કૂલ, અમરેલી.**


# આ મારું ચિત્ર છે




જાદવ પાર્થ ભાવેશભાઈ
(ધો.૩-અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



જયવીરસિંહ અર્જુનસિંહ પરમાર
(ધો.૩, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



ગોહિલ આદિત્ય અતુલભાઈ
(ધો.૩-બ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



ધ્રુવા ડી. દેસાઈ
(ધો.૩, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)

# અમરેલીમાં નિર્માણાધિન સારહિ તપોવન આશ્રમની મુલાકાત લેતા કૈલાશ મુક્તિધામ સ્મશાન સમિતિનાં સભ્યો



સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમની મુલાકાત કરતી વેળાએ તપોવન આશ્રમનાં ભગીરથ નિર્માણ કાર્યનાં હેતુથી સન્માન કરતા મગનભાઈ બી. કાબરીયા, અરવિંદભાઈ કાબરીયા, ગોરધનભાઈ બાંભરોલીયા, મગનભાઈ રોકડ, નીમેશભાઈ બાંભરોલીયા, રમેશભાઈ બગથલિયા, મનુભાઈ કાબરીયા, શંભુભાઈ બાંભરોલીયા, અરૂણભાઈ જોષી, ધીરૂભાઈ કાબરીયા, મનગભાઈ કાબરીયા તથા સમગ્ર કૈલાશ મુકિત ધામ સમિતિ તેમજ સુધીરભાઈ મહેતા, નાથાલાલ બાલાશંકર ત્રિવેદી, મંગલુભાઈ ભુરાભાઈ ખુમાણ, વૈદ્ય બલભદ્રભાઈ સુધીરભાઈ મહેતાએ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની માહિતી મેળવી સંસ્થાની પ્રગતિ વિશે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા, અમરડેરીનાં વાઈસ ચેરમેન સારહી યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, અમરડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, નગરપાલિકાનાં પ્રમુખ પ્રતિનિધી ચંદુભાઈ રામાણી, તુષારભાઈ જોષી, અતુલભાઈ પડશાલાનું સન્માન કરેલ. આ તકે ઉપસ્થિત હરિભાઈ કાબરીયા, હિતેશભાઈ વ્યાસ રહેલ સાથો સાથ સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી સારહી તપોવન આશ્રમનું નિર્માણ વાયુવેગે પૂર્ણ થાય એવી પ્રાર્થના કરેલ, સન્માન કરેલ અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીની સિવિલ હોસ્પિટલમાં

કરવામાં આવ્યું છે. કિચન ડાઈનિંગ હોલ, ગર્લ્સ હોસ્ટેલ ૫ માળનું વિશાળ બિલ્ડીંગ, એબીસીડી નામવાળું ૪ માળ નું વિશાળ બિલ્ડીંગ, બોયઝ હોસ્ટેલ એક ૪ માળનું બોયઝ હોસ્ટેલ બે ૫ માળનું, ૧બીએચકે સ્ટાફ કવાર્ટર ૪ માળનું વિશાળ બિલ્ડીંગ ૨બીએચકે કવાર્ટર એક, ૨બીએચકે કવાર્ટર બે ૪ માળના આ બિલ્ડીંગો બની ગયા છે અને અન્ય બહુમાળી ઈમારતો બની રહ્યા છે. ડિન અને અધિકારીના બંગલોસ તથા ગેસ્ટ હાઉસ અને હોસ્પીટલમાં બનાવેલ ૫ માળનું બિલ્ડીંગ અને ઓડિટોરિયમ જેવા બાંધકામ ગેરકાયદેસર હોય તેવું જણાય છે. જે નગરપાલિકા માંથી માહિતી અધિકાર મુજબ આરટીઆઈમાં જવાબ મળેલ છે. તેથી જે મંજૂરી વિના બનાવી લીધેલ છે તે નેશનલ મેડિકલ કાઉન્સીલિંગ દિલ્હી દ્વારા અમરેલી મેડિકલને કેમ મંજૂરી આપવામાં આવી. તો તાત્કાલિક આની તપાસ થવી જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલા શહેરમાં અશાંત ધારો

કસવાળા સમક્ષ વર્ણવી હતી. જેથી ધારાસભ્યએ ગંભીરતા પારખી જઈ સાવરકુંડલા શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં રહેતાં નાગરિકોમાં શાંતિ અને સલામતી રહે તેમજ ભાઈચારાની ભાવના જળવાઈ રહે, રહેવાસીઓમાં કોઈ ચિંતા કે ભયની લાગણી ઉભી ન થાય તે માટે રાજય સરકારમાં અસરકારક રજૂઆત કરેલી. જેને ધ્યાનમાં રાખી ગૃહમંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાવરકુંડલા શહેરી વિસ્તારને ૧૯૯૧ની જોગવાઈ મુજબ અશાંતધારા નીચે લાવવા હકારાત્મક પ્રતિભાવ આપતા રાજય સરકારે સાવરકુંડલા શહેરી વિસ્તાર કે જે શહેર પોલીસ અધિકાર ક્ષેત્રમાં આવે છે તે તમામ વિસ્તારને અશાંતધારા નીચે આવરી લેતો હુકમ તારીખ ૧૨/૭/૨૩ના રોજ કરી તેની અમલવારી માટે સંબંધિત તમામ વિભાગોને જાણ કરી છે. જેથી સાવરકુંડલાનાં પોશ વિસ્તારોમાં યેનકેન પ્રકારે કિંમતી જમીનો સસ્તાં ભાવે ખરીદ કરવાની પ્રવૃત્તિ બંધ થશે. જાગૃત ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સાવરકુંડલા શહેરની જનતાના વ્યાપક હિતમાં રાજય સરકારમાં સતત રજૂઆતો કરી અશાંતધારો લાગુ કરાવતા સાવરકુંડલા શહેરના શાંત અને બુદ્ધિજીવી નાગરિકો ધારાસભ્ય કસવાળાના કાર્યાલય ‘અટલધારા’ ખાતે રૂબરૂ મળી આભારની લાગણી વ્યકત કરી અભિનંદન આપી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ધારાસભ્યની ચૂંટણી પ્રચાર દરમિયાન કસવાળા દ્વારા જાહેર સભામાં વચનો આપવામાં આવ્યા હતા કે હું સાવરકુંડલાનાં નાગરિકો માટે કંઈક દેવા આવ્યો છું જે વચન ટૂંક સમયમાં જ બાયપાસ રોડ ચાલુ કરાવી શહેરની જનતાને ટ્રાફિકની સમસ્યામાંથી મુકત કરાવી, શહેર માટે સ્પોર્ટ સંકુલની મંજૂરી અપાવી અને હવે અશાંતધારો લાગુ કરાવી પોતાના વચનો પરિપૂર્ણ કરાવતા હોય તેવી પ્રતીતી સમગ્ર શહેરીજનોને કરાવી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** કિશોરભાઈ એલ. પારેખનાં નાના ભાઈ રમેશભાઈ લક્ષ્મીદાસ પારેખનાં ધર્મપત્ની રૂપાબેન રમેશભાઈ પારેખ (ઉ.વ. ૪૫) તે હિતેશભાઈ, કમલેશભાઈ, પ્રકાશભાઈના ભાભી તા. ૧૩/૭/૨૩ને ગુરૂવારનાં રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૫/૭/૨૩ને શનિવારે સાંજે ૪ થી ૬ સોની જ્ઞાતિની વાડી, ઈન્કમટેક્ષ ઓફિસ સામે, અમરેલી મુકામે રાખેલ છે. (પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

# અમરેલી જિલ્લામાં આંખનો ચેપી રોગ માથું ઉંચકી રહ્યો હોય તંત્ર એલર્ટ રહે

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં આંખનો ચેપી રોગ કંજકટીવાઈટીસ (અંખીયા મીલાકે) વકરી રહ્યો છે અમરેલી જિલ્લામા પણ પગ પેસારો કર્યો. અમરેલી જિલ્લાની જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમા આંખોના ડોકટર કે ટેકનીશ્યનોની મોટાભાગની જગ્યાઓ ખાલી હોવાથી લોકો પરેશાન છે. છેલ્લા પાંચેક દિવસથી ગુજરાત રાજયના અનેક જિલ્લાઓમાં આંખના રોગે દેખા દીધી છે. આ રોગમાં સૌ પ્રથમ દર્દીને આંખમા ચીપડા આવવા લાગે આંખો લાલ થાય છે, દુખાવો થાય છે, તાવ આવે છે, નબળાઈ આવે છે અને આ રોગ ખુબ ચેપી માનવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પણ આ (અંખીયા મિલાકે) રોગ કંજકટીવાઈટીસ પ્રવેશી ચુકયો છે. ખાસ કરીને સ્કૂલે જતા બાળકોને સાવચેતી રાખવી જરૂરી બની છે. પરંતુ અમરેલી જિલ્લાના મોટાભાગના સરકારી દવાખાનાઓમાં આંખના ડોકટર કે કોઈ ટેકનીશ્યન ન હોવાનું લોક મુખે ચર્ચાય રહ્યું છે. જેના કારણે લોકોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મોટા મોટા ખર્ચા અને ફરજીયાત શહેરમાં તપાસ કરાવવા આવવું પડે છે. જેથી દર્દીને દવાખાને જવાનું મોડું થવાને કારણે ગંભીર પરિણામો ભોગવવા પડે છે. લોકોને સમય અને પૈસા બંનેનો વ્યય કરવો પડી રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લાની તમામ જનરલ હોસ્પિટલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કે જે દવાખાનામાં આંખના ડોકટર, ઓપ્થોમેટ્રઈસ્ટ કે ટેકનીશ્યનની ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ભરવા લોક માંગણી ઉઠી છે. અમરેલીના વર્તમાન ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ અગાઉ આ માગણી કરેલ છે જેમનો લોકો આભાર માની રહ્યા છે. પરંતુ અમરેલી જિલ્લાની મોટાભાગની જગ્યાઓ હજુ ખાલીને ખાલી જ પડી છે. તો આરોગ્ય તંત્ર ધ્યાન આપે અને અમરેલી જિલ્લાના તમામ સરકારી દવાખાનામાં આંખના ડોકટર કે ટેકનીશ્યનોની તુરંત ભરતી કરી અને આવતા સમયમાં લોકોને આંખના દર્દીઓ માટે કાયમી સેવાનો લાભ મળે એવા આરોગ્ય વિભાગ પગલાં ભરે એવી માંગ ઉઠવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## પીઠવડી ખાતેથી જામગરી

પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેશાઈ તથા એસ.ઓ.જી. પોલીસ સબઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ, એ.ટી.એસ. ચાર્ટર લગત સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, પીઠવડી ગામથી ધાર ગામ તરફ જવાના રસ્તે રહેતા મજીદભાઈ હુસેનભાઈ લાડક ગેરકાયદેસર એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિસન્ન હથિયાર) પોતાના કબ્જામાં રાખેલ છે અને તે કોઈ ગુન્હો કરવાની પેરવીમાં હોય. જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિભ્રક્ષણ હથિયાર) સાથે તે ઈસમને ઝડપી પાડેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીની માર્ગ–મકાન વિભાગ કચેરીમાં

કરી જાહેર નાણાની વસુલાત કરવા અનેક રજૂઆત કરી અને સરકારી કચેરીમાં સરકારી કર્મચારી આમ નિયમોનો ભંગ કરી આવા બોગસ બીલો રજુ કેવી રીતે કરી શકે ? અને સહી સગીર વયના કર્મચારીના પુત્રની હોઈ તોયે બીલ પાસ કરવામાં આવે છે. આ કિસ્સો સીધેસીધો મોટા ભ્રષ્ટાચાર સામે ઈશારો કરે છે. અને સરકારમાં સાદર કરેલ અહેવાલ જોતા માર્ગ મકાન વિભાગના હાલના કાર્યપાલક ઈજનેર આ સમગ્ર ભ્રષ્ટાચારને છાવરતા હોય તેવો ઘાટ જોવા મળે છે. તેઓના મતે આ કૌભાંડ જે તે સમયે કચેરીમાં થયેલ તો છે તે માટે જવાબદાર તો છે. પરંતુ સરકારના સૂચન વગર તેઓ આ બાબતે કોઈ કાર્યવાહી નહિ કરી શકે આમ કહીને ભ્રષ્ટ્રાચારીને છાવરતા હોય તેવું સ્પષ્ટ જોવા મળ્યું. જેથી આ બાબતે અરજદારે તા.૧૦–૦૭–૨૦૨૩ ના રોજ એન્ટી કરપ્શન ડીપાર્ટમેન્ટ અમરેલીને રજૂઆત કરેલ છે. આ માર્ગ મકાન વિભાગ અમરેલીમાં ભ્રષ્ટાચાર સાથે કોણ સંકળાયેલું છે તે તટસ્થ તપાસ બાદ જ જાણી શકાશે.

પાના ૮ ઉપરનું ચાલું
## અગાઉનાં મનદુ:ખનાં કારણે

તા. ૧૨ નાં રોજ આ વૃધ્ધા તથા અશોક બપોરે પીઢીયા ખોડવા માટે ખાડા કરતા હતા ત્યારે આરોપી મહેશભાઈ મોહનભાઈ મકવાણા પીઢીયા ખોડવાની ના પાડી વૃધ્ધા તથા તેમના પુત્રને ગાળો આપી મારવા માટે દોડેલ હતા.

બાદમાં આરોપી મહેશભાઈ પોતાની પીકઅપ વાન નં. જી.જે.–૧૪ એકસ ૪૭૧૨ લઈ તથા આરોપી મોહનભાઈ છનાભાઈ મકવાણા મોટર સાયકલ લઈ આવી આ વૃધ્ધાને જાનથી મારી નાખવાના ઈરાદે પીકઅપ વાન ઉપર ચડાવી દલ પગનાં ભાગે ફેકચર કરી નાખેલ હોય. આ બનાવમાં વૃધ્ધાએ બન્ને આરોપી સામે બોલેરા પીકઅપ વાન નીચે વૃધ્ધાને કચડી નાખી મારી નાખવાની કોશિષ કરવા સબબ ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સામાન્યથી લઇને દોઢ ઇંચ વરસાદ

ગીર વિસ્તારના નાનુડી, ભાડ, ઉમરીયા, તાતણીયા, પીપળવા સહિતના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડયો હતો અને સતત વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાયા હતા. જયારે ખાંભા ગીરના નદી–નાળાઓ પાણીથી છલકાયા હતા.

સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ આજે વરસાદે હાજરી પુરાવી હતી. જેમાં સાવરકુંડલા તાલુકાના ખડસલી, છાપરી, વિજપડી, મેરીયાણા વિસ્તારમાં વરસાદ પડતા ખડસલી, જામવાળી તથા કાદવાળી નદીમાં પુર આવ્યું હતુ.

આ ઉપરાંત બાબરા પંથકમાં પણ આજે મેઘો યથાવત રહયો હતો. જેને લઈ બાબરા તાલુકાના દરેડ, ગળકોટડી, નીલવડા સહિતના વિસ્તારોમાં વરસાદ પડતા બાબરાથી નીલવડા જવાના માર્ગો પણ ધોવાયા હતા, જયારે ડાયવર્ઝન કાઢેલા માર્ગોમાં મસમોટા ખાડાઓ પડયા હતા.

વડીયાના કુંકાવાવ, અરજણસુખ, તોરી, ઉજળા, અનીડા, ખીજડીયા, દેવળકી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

રાત્રે ૮ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૪૧ મી.મી., વડીયામાં ૧૪ મી.મી., લીલીયામાં ૧૪ મી.મી., બગસરામાં ૩૧ મી.મી., ધારીમાં ૪ મી.મી., સાવરકુંડલામાં ૩ મી.મી., ખાંભા ૪ મી.મી. જયારે જાફરાબાદમાં ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં તત્કાલીન પોલીસ અધિક્ષકનાં

ભાગરૂપે ઉપરી અધિકારીઓના આદેશના ભાગરૂપે અમોએ સાથે રહેવાની ને ભોગ બનનારની અટક કાર્યવાહી કરવા સાથે જોડાયેલ હતા. એથી વિશેષ કોઈ રોલ નહિ હોવા છતાં આજે ઉપરી અધિકારીઓનું આદેશનું પાલન સિવાય કયાંય કોઈ સંડોવણી જોવા આખી તપાસમાં મળેલ નહિ.

છતાં આ ફરજ ભાગરૂપની સજા પાંચ વર્ષથી આ નવ નાના પોલીસ કર્મીઓ સસ્પેન્શનરૂપી સજા ભોગવી રહ્યાં છે. માલ ખાઈ ગયા મદારીને વળ ખાઈ વાંદરા જેવો ઘાટ અત્યારે આ પોલીસ કર્મીઓ સાથે ઘટયો છે. માજી ધારાસભ્ય જે તે વખતનાં અમરેલી એસ.પી. જગદીશ પટેલ અને એલ.સી.બી. પી.આઈ. પટેલની કળાનો ભોગ આજ દિન સુધી આ નવ પોલીસ કર્મીઓ અને એમનો પરિવાર ભોગવી રહ્યાં છે.

આ અંગે ગૃહ વિભાગ સુધી આ નાના કર્મીઓ રજૂઆત માટે પહોંચેલ. ગૃહ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ પણ આ પ્રકરણ સમજે છે ને આ નાના કર્મીઓને અન્યાય થઈ રહ્યો છે તે જાણે છે. પરંતુ તેઓ આ કર્મીનું સસ્પેન્શન રદ કરી નથી શકતા. કારણ કે તેમના હાથ બંધાયેલા છે. એસ.પી. અને પી.આઈ.ને સસ્પેન્શન લંબાવી રાખવા માટે આ કોન્સ્ટેબલોને પણ ફરજ પરત લેતા નથી.

એક ઉચ્ચ અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવેલ કે આ પ્રકરણમાં પી.આઈ., એસ.પી.નાં પાપનો ભોગ આ નાના કર્મી ભોગવી રહ્યાં છે. જો આ કર્મચારીઓને ફરજ પર લઈ લેવામાં આવે તો એસ.પી., પી.આઈ.ને પણ પેરેટીનો લાભ લઈને તેમને પણ ફરજ પર લેવા ન પડે એટલા માટે આ કર્મીઓનું સસ્પેન્શન રદ કરીને ફરજ પર લેવામાં આવતા નથી. એ કારણે ઉચ્ચ અધિકારીઓનાં આદેશનું પાલન કરનાર નવ નવ નાના કર્મીઓનાં પરિવાર પાંચ વર્ષથી પરેશાની ભોગવી રહ્યાં છે. જેમાં એક ડ્રાઈવર તો નિવૃત પણ થઈ ગયા છે.

ગુજરાત પોલીસ બેડામાં પોલીસ આ ભોગ બનનાર આ કર્મીઓ પર ખૂબ સહાનુભૂતિ ધરાવે છે અને જો આ કર્મચારીઓને ફરજ પર પરત લેવામાં આવે તો ગુજરાત પોલીસનાં તમામ નાના કર્મીઓમાં ખુશી વ્યાપે એવો નિર્ણય ગૃહ વિભાગનાં ગૃહમંત્રી, મુખ્યમંત્રી સુધી આ અંગે રજૂઆત કરાઈ છે.

## જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : મંગીબેન નથાભાઈ ભાલીયા, રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૧૦૩/૨૦૨૩, મુદત તા.૧૭/૦૭/૨૦૨૩

::– **વિરૂધ્ધ** –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– **જાહેર નોટિસ** –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **પુત્ર પરશોતમભાઈ નથાભાઈ ભાલીયા**નાઓનો **જન્મ તા. ૦૧/૦૫/૧૯૮૦** ના રોજ મોજે ગામ : **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પુત્રની જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૧૭/૦૭/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૧મી, માહે જુલાઈ, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

**તૈયાર કરનાર** (સી.કે. ભરાડ) આસીસ્ટન્ટ — સિકકો — **મુકાબલ કરનાર** (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ — **હુકમથી** (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ

## જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : મંગીબેન નથાભાઈ ભાલીયા, રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી. — ફો.પ.અ.નં.–૧૦૪/૨૦૨૩, મુદત તા.૧૭/૦૭/૨૦૨૩

::– **વિરૂધ્ધ** –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : એમ.જે. બારૈયા**

::– **જાહેર નોટિસ** –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **પુત્ર મોહનભાઈ નથાભાઈ ભાલીયા**નાઓનો **જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૬** ના રોજ મોજે ગામ : **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પુત્રની જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૧૭/૦૭/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૧મી, માહે જુલાઈ, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

**તૈયાર કરનાર** (સી.કે. ભરાડ) આસીસ્ટન્ટ — સિકકો — **મુકાબલ કરનાર** (આર.એચ. વાજા) આસીસ્ટન્ટ — **હુકમથી** (બી.વી. પરમાર) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૫૧ | ૧૫૩૬ |
| ૨ | શિંગ મોટી | ૧૬૦૦ | ૧૬૮૧ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૧ | ૨૨૩૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૭૦૦ | ૨૦૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૪૭૫ | ૩૩૦૦ |
| ૬ | તલ કાળા | ૧૫૫૦ | ૩૨૪૦ |
| ૭ | બાજરો | ૩૩૩ | ૪૧૧ |
| ૮ | જુવાર | ૫૮૮ | ૯૫૧ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૫ | ૫૧૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૯૦ |
| ૧૧ | મગ | ૧૬૧૦ | ૧૬૯૪ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૯૭૯ |
| ૧૩ | તુવેર | ૮૦૦ | ૧૭૭૨ |
| ૧૪ | કપાસ | ૯૮૦ | ૧૪૪૫ |
| ૧૫ | એરંડા | ૧૦૪૫ | ૧૧૮૭ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૩૦૬ |
| ૧૭ | ધાણી | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૮ | મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| ૧૯ | સોયાબીન | ૭૯૩ | ૯૩૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૫૭૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૭૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૩૦ |
| ૬ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૧૮૫૦ |
| ૭ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૩૦ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૪૩૧ |
| ૧૧ | મકાઈ | ૪૯૦ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૧૪૫૦ | ૧૬૯૧ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૫૮૧ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૯૭૦ |
| ૧૫ | તુવેર | ૧૬૦૦ | ૧૯૧૧ |
| ૧૬ | ધાણા | ૮૨૦ | ૧૦૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૩૧૯૦ | ૩૧૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ૨ | ચણા | ૮૧૧ | ૯૨૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૪ | ૪૪૯ |
| ૪ | સોયા | ૮૨૫ | ૯૦૪ |
| ૫ | મગફળી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૬ | શીંગ દાણા | ૧૬૨૫ | ૨૦૦૦ |
| ૭ | લસણ | ૧૨૦૦ | ૧૨૨૫ |
| ૮ | ધાણા | ૭૯૫ | ૧૨૭૬ |
| ૯ | તુવેર | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૦૨૫ |
| ૧૧ | મેથી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૧૨ | એરંડા | ૮૫૦૦ | ૮૫૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૧૪ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૫ | મકાઈ | ૬૦૩ | ૬૦૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૫ | ૧૪૪૫ |
| ૨ | મગફળી | ૧૨૬૫ | ૧૪૩૫ |
| ૩ | તલ સફેદ | ૨૬૨૫ | ૨૯૭૫ |
| ૪ | ઘઉં | ૪૧૨ | ૪૭૮ |
| ૫ | ચણા | ૮૯૦ | ૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૬૦ |
| ૨ | કપાસ | ૯૦૦ | ૧૪૨૧ |
| ૩ | બાજરો | ૪૦૨ | ૪૭૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૯૬ |
| ૫ | જુવાર | ૬૧૧ | ૯૩૦ |
| ૬ | મગ | ૧૩૨૫ | ૧૫૨૫ |
| ૭ | મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | ચણા | ૭૯૦ | ૯૨૦ |
| ૯ | શીંગદાણા | ૨૦૫૦ | ૨૧૦૦ |
| ૧૦ | સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |

### મહિલા સરપંચ મંજુલાબેન ઠુંમરની માંગ

# ભેંસવડી થી સા.કુંડલા વચ્ચે રેલ્વેનું ભાડું રૂપિયા ૩૦માંથી ૧૦ કરો

## પશ્ચિમ રેલ્વેનાં મેનેજરને પત્ર પાઠવ્યો

લીલીયા, તા. ૧૪

લીલીયા તાલુકાના ભેંસવડી ગામના સરપંચ મંજુલાબેન ઠુમ્મર દ્વારા પશ્ચિમ રેલવે મેનેજર ભાવનગરને પત્ર પાઠવી ટિકિટ દર બાબતે રજૂઆત કરી. જેમાં જણાવેલ કે ભેંસવડી થી સાવરકુંડલાનું ભાડું ૩૦ રૂપિયામાંથી ૧૦ રૂપિયા કરવા માંગ કરેલ છે.

વધુમાં જણાવેલ કે, ભેંસવડીના રેલ્વે સ્ટેશનેથી સાવરકુંડલા રેલ્વેમાં નીચેના ગ્રામજનો ઉપયોગ કરે છે મુસાફરી કરે છે. ભેંસવડી, લોંકા, લોંકી, આંબા આ ગામોના ગ્રામજનો ભેંસવડી થી સાવરકુંડલા જવા માટે રેલ્વેનો ઉપયોગ કરે છે.



આ ગામોને સાવરકુંડલા સાથે મુસાફરીની સુવિધા પૂરી પાડતી માત્ર રેલ્વેની જ કાર્યક્ષમ સમયબધ્ધ અને ઝડપી સુવિધા ઉપલબ્ધ છે. કોરોનાનો સમયગાળો શરૂ થયા પહેલા ભેંસવડી અને જીરારોડથી સાવરકુંડલાનું રેલ્વે ભાડું રૂા.૧૦/– હતું. કોરોનાના સમયગાળામાં રેલ્વે સ્પેશયલ ટ્રેન દ્વારા મુસાફરી માટેની સુવિધા ગ્રામજનોને ઉપલબ્ધ કરવામાં આવેલ હતી. સ્પેશયલ ટ્રેનનાં કારણે ભાડામાં રૂા. ૧૦/– થી રૂા. ૩૦/– કરવામાં આવેલ. જે વધારો ૩૦૦% વધારે હતો. કોરોનાકાળમાં જયારે મોટાભાગની ટ્રેનો બંધ હતી. ત્યારે આ પ્રકારની સ્પેશયલ ટ્રેનો દોડાવવામાં આવેલ અને ટ્રેન દોડાવવા પાછળ થતા ખર્ચને પહોંચી વળવા ભાડામાં ૩૦૦% ટકા જેટલો વધારો કરવામાં આવેલ. હવે કોરોનાનો સમયગાળો પૂર્ણ થઇ ગયેલ છે. આથી સ્પેશયલ ટ્રેનને સામાન્ય ટ્રેનમાં પરિવર્તિત કરી રૂા.૧૦નું ભાડુ કરી આપવા માંગ કરેલ છે. ભેંસવડીના ગ્રામ્ય રેલ્વે સ્ટેશનથી દરરોજ સરેરાશ ૫૦ થી ૬૦ મુસાફરો રેલ્વે દ્વારા મુસાફરીની સેવાનો લાભ ઉઠાવે છે. જેમાં ઉપર દર્શાવેલ ગામના ગ્રામજનો લાભ લે છે. ભેંસવડી અને સાવરકુંડલા વચ્ચે ગામજનો માટે આ રેલ્વેની સેવા જ કાર્યક્ષમ અને સુવિધા પૂર્ણ છે.ગ્રામજનોને પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા સાવરકુંડલા જવાનું થાય છે. એક રીતે આ ગામના ગ્રામજનોની હટાણાની (ખરીદ) જગ્યા જ સાવરકુંડલા છે. સાવરકુંડલા થી ભેંસવડી અને આજુબાજુના ગામોમાં ફેરીયા આવીને તૈયાર કપડાં, કાપડ, પ્લાસ્ટીકની વસ્તુઓ અને બીજી જરૂરી વસ્તુઓ પૂરી પાડે છે. તો યોગ્ય કરવા અંતમાં રજુઆત કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

### ''બહેતર ભારત બુનિયાદ'' અંતર્ગત

# અમરેલી ખાતે જિલ્લા યુથ કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઇ

## ૨૬ થી ૨૮ જુલાઈ મહાઅધિવેશન યોજાશે

અમરેલી, તા. ૧૪

આજરોજ અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસની કારોબારી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાષ્ટ્રીય યુવક કોંગ્રેસ દ્વારા આયામી ૨૬, ૨૭, ૨૮ એમ ૩ દિવસ બહેતર ભારત બુનિયાદી મહાઅધિવેશન યોજવા જઈ રહ્યું હોય ત્યારે આ અધિવેશનમાં ભાગ લેવા માટે અમરેલી જિલ્લામાંથી યુવાઓ અધિવેશનમાં જોડાય તે માટે અગત્યની મીટીંગ યોજાઈ.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસનાં પ્રભારી રાજપાલસિંહ જાડેજા તેમજ અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસનાં પ્રમુખ દેવરાજભાઈ બાબરીયા બેઠક યોજાઈ હતી. આ કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ મનીષભાઈ ભંડેરી, સમીરભાઈ કુરેશી, શરદભાઈ મકવાણા, હિરેનભાઈ ટીમાનીયા, શિવાભાઈ ડાભી, ગિરિરાજસિંહ વાળા, અભિજીતસિંહ, વિજયભાઈ જાપડીયા, આશિષભાઈ જેબલીયા, મોસિનભાઈ ધાનાણી, ભાવેશભાઈ ધાખડા, જુનેદભાઈ



ડોડીયા, હિરેનભાઈ મશરૂ તથા આગેવાનો, વિધાનસભાનાં પ્રમુખો, તાલુકાનાં પ્રમુખો, યુવા કોંગ્રેસનાં કાર્યકર્તાઓ હાજર રહ્યાં.

# આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર દિવ્યેશ બી. ગાંધીનો આજે જન્મદિવસ

જાફરાબાદ, તા. ૧૪

મુળ રાજકોટ હાલ રાજુલા તેમજ જાફરાબાદ મુકામે ફરજ બજાવતા આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર(એ.પી.પી.) દિવ્યેશ બિપીનચંદ્ર ગાંધીનો આજે જન્મદિવસ છે. ખુબજ યુવાન વયે વકીલાતની કારકીર્દીની શરૂઆત કરનાર દિવ્યેશ ગાંધીએ અનેક ફોજદારી, દિવાની તેમજ રેવન્યુ મેટરમાં સીમાચીન્હ ચુકાદાઓ મેળ વેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એ.પી.પી. દિવ્યેશ બી.ગાંધીનાં પિતા બિપીનચંદ્ર બી. ગાંધી પણ રાજકોટમાં ખ્યાતનામ એડવોકેટ અને નોટરી અને રાજકોટમાં ગાંધી લો ફર્મનાં નામે ઓફિસ ધરાવે છે. અને અનેક સામાજિક સંસ્થાઓમાં ફરજ બજાવે છે. આ ઉપરાંત તેમના ભાઈ કિશન બી. ગાંધી પણ એડવોકેટ છે. એ.પી.પી. દિવ્યેશ બી. ગાંધી રાજકોટમાં સામાજિક ક્ષેત્રે પણ આગળ પડતા છે. આ ઉપરાંત રાજકોટમાં અનેક જૈન સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આસીસ્ટન્ટ પબ્લિક



પ્રોસિક્યુટર તરીકે તેઓએ રાજુલા અને જાફરાબાદમાં સરકાર વતી હોંશપૂર્વક અને નૈતિકતાનાં ઉચ્ચમુલ્યોને અનુસરીને પોતાની કારકીર્દીમાં અનેક કેસોમાં સજાઓ અપાવેલ છે. સ્વભાવે મોજીલા અને મળતાવડા એવા એ.પી.પી. દિવ્યેશ બી. ગાંધી પોતાના જીવનનાં અગામી વર્ષોમાં અપાર સફળતા તેમજ લોકચાહના મેળવે તેવી જન્મદિને મિત્રો, સગા સ્નેહી દ્વારા હાર્દિક શુભકામનાઓ સાથે તેમના મો.નં. ૯૮૯૬ ૫૬૭૩૬ ઉપર આજે સવારથી શુભેચ્છાઓની વર્ષાઓ થઈ રહી છે.

# ગીરગઢડાના પત્રકાર ઇરફાનભાઈ લીલાણીનો આજે જન્મદિવસ

ઉના, તા. ૧૪

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના યુવા પત્રકાર ઈરફાનભાઈ લીલાણીનો આજે જન્મદિવસ છે ત્યારે તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે લોકોના પ્રશ્ન અને જનતાના પ્રશ્નને હરહંમેશ વાચા આપનાર ઈરફાનભાઈ લીલાણીનો આજે ૨૪મો જન્મદિવસ છે ત્યારે સમગ્ર ગુજરાત તેમજ ભારતભરમાંથી રાજકારણીઓ, કલાકારો, ઢોલીવુડ ફિલ્મ સ્ટારો અને સામાજિક આગેવાનો તથા જાહેર જનતા દ્વારા જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે. ઈરફાનભાઈ આજે ૨૩ વર્ષ પૂર્ણ કરી અને ૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ મેળવ્યો છે ત્યારે લોકોની વચ્ચે હરહંમેશ રહેનાર અને સરળ સ્વભાવ



અને પ્રભાવશાળી વ્યક્તિત્વના કારણે સમગ્ર પંથકમાં પોતાની પત્રકાર તરીકેની અલગ છાપ ઊભી કરનાર ઈરફાનભાઈ લીલાણીને તેમના મિત્રવર્તુળ તેમજ સગા, સંબંધીઓ દ્વારા મોબાઈલ નં. ૯૬૦૧૦ ૯૩૦૧૧ જન્મદિવસની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

# ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની અલ્ફીઝાએ ''ઈસરો''માં તાલીમ લીધી

## વિદ્યાલયનાં બાળકોને માહિતી આપી

ચલાલા, તા. ૧૪

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં ઈસરો સાયન્સ સીટીમાંથી જે ચંદ્રયાન–૩ લોન્ચ થયું છે. તેની ઈસરોમાંથી ટ્રેનિંગ લઈને આવેલ વિદ્યાર્થીની ભટ્ટી અલ્ફીઝા બાબુભાઈએ શાળાનાં બાળકોને માહિતી આપી અને ચંદ્રયાન–૩ સરસ રીતે લોન્ચ થયું અને સફળતા પ્રાપ્ત કરે એ માટે સંસ્થાનાં વડા પૂ.શ્રી રતિદાદા, ડાયરેકટર મહેશભાઈ મહેતા, આચાર્ય શિતલબેન મહેતા તેમજ ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં બાળકો અને સમગ્ર સ્ટાફ મિત્રોએ મંત્રો કરી પ્રાર્થના કરી હતી.



# અમરેલી નૂતન કોમર્સ કોલેજ એફ.વાય.બી. કોમ.નું ઉજજવળ પરિણામ



BHEDA DEVKUBEN M.



CHAUHAN ZUVERIYA I.



TAJANI MAHIN A.

અમરેલી, તા. ૧૪

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત નૂતન કોમર્સ કોલેજનાં એફ.વાય.બી.કોમ. સેમેસ્ટર–૨માં કોલેજ પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ (૧) ભેડા દેવકુબેન મધુભાઈ ૭૩.૬૨% (૨) ચૌહાણ ઝુવેરીયા ઈમરાનભાઈ ૭૨.૭૫% (૩) તાજાની માહિન અંજુમભાઈ ૭૨.૦૫% તથા બી.કોમ. સેમેસ્ટર–૨ માં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ સ્ટાફ તથા અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટીગણના ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.

### પાણી–પુરવઠા બોર્ડ કર્મચારી સંઘ અને બી.એમ.એસ. દ્વારા

# લાઠી–ભુરખીયા હનુમાન મંદિર ખાતે રવિવારે સામાજીક સુરક્ષા અંગે સેમિનાર યોજાશે

રાજકોટ, તા. ૧૪

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી સંઘ(બી.એમ.એસ.) અને અમરેલી જિલ્લા મજદુર સંઘનાં સંયુકત ઉપક્રમે જી–૨૦/ લેબર–૨૦ અંતર્ગત સામાજિક સુરક્ષા અંગે રાજય કક્ષાનાં સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનાર તા. ૧૬/૭/૨૩ રવિવારને સવારે ૧૦ થી ૧૨:૩૦ કલાકે લાઠી તાલુકાનાં ભુરખીયા હનુમાન મંદિર ખાતે યોજાનાર છે.

આ સેમિનારનું ઉદ્‌ઘાટન ભારતીય મજદુર સંઘનાં(ગુજરાત પ્રદેશ) અધ્યક્ષ સહદેવસિંહ જાડેજાનાં વરદ્ હસ્ત કરવામાં આવશે. તથા મુખ્ય અતિથિપદે કલેકટર અજય દહિયા તથા અતિથી હસુભાઈ દવે, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય મજદુર સંઘ તથા વી.પી. પરમાર, મહામંત્રી ભારતીય મજદુર સંઘ(ગુજરાત પ્રદેશ) ખાસ માર્ગદર્શન આપશે. આ સેમિનારને સફળ બનાવવા માટે ગીરીશભાઈ પટેલ, કેયુરભાઈ ગોહિલ, કેતનભાઈ પંડયા, હેમુભાઈ પંડયા, જનકભાઈ બ્રહ્મભટ્ટ તથા જયેશભાઈ નિમાવત સહિતનાં કાર્યકર્તા જહેમત ઉઠાવી રહેલ છે.

# અમરેલી : વિદ્યાસભા સંસ્થામાં યુવા ઉત્સવનું કેન્દ્રીય મંત્રી રૂપાલાની ઉપસ્થિતિમાં ભવ્ય આયોજન સંપન્ન



ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભામાં યુવા ઉત્સવ–૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કેન્દ્રીય કેબીનેટ મંત્રી પુરૂષોતમભાઇ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. જેમનું નહેરૂ યુવા કેન્દ્ર તેમજ વિદ્યાસભા સંસ્થા વતી મંત્રી મનુભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, હસમુખભાઈ પટેલ અને વસંતભાઈ પેથાણી દ્વારા પુષ્પગુચ્છ, શાલ, ગીતાજી અર્પણ કરી સન્માનિત કર્યા હતા. સાથે સાથે યુવાનોને પ્રોત્સાહન માટે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રેખાબેન મોવલીયા, અમર ડેરીના અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી નગપાલિકાના કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, NCC CO રાઠોડનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ, ત્યારબાદ તમામ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગ્ટય કરવામાં આવ્યુ હતું.કાર્યક્રમમાં પુરૂષોતમભાઈ રૂપાલા દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યું. જેમાં વડાપ્રધાનજીના પંચપ્રાણની વિગતો યુવાઓમાં જીલાય, યુવાઓ પોતાની કૌશલ્ય અને સુષુપ્ત શકિતઓને ઉજાગર કરી યુવા ઉત્સવના માધ્યમથી એક પ્લેટફોર્મ મેળવી સાંસ્કૃતિક કાર્યક્રમોની કલાઓમાં આગળ વધે, નિડર બને, સાહસિક બને તેમજ દેશનું ઉજજવળ ભાવી ઘડતર કરે, દેશ આત્મનિર્ભર બને તેવા યુવાનોમાં કૌશલ્યનો વિકાસ થાય તેવા આ યુવા મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રોત્સાહન અને પ્રેરણા આપતું વ્યકતવ્ય આપેલ હતુ. વિદ્યાસભાની શુટીંગરેન્જની અને રમત–ગમત તેમજ અન્ય પ્રવૃતિઓ વિશે માહીતી મેળવી વિદ્યાસભાના બાળકોના સર્વાંગી વિકાસની સુવિધાઓથી પ્રભાવિત થયા હતા અને છેલ્લે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતુ. સાથે સાથે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી અને યુવાનોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સંસ્થા દ્વારા પ્લેટફોર્મ પુરૂ પાડવા હંમેશા કટિબધ્ધ છીએ તેવું જણાવેલ હતુ. કાર્યક્રમ ખુબ સફળતાપૂર્વક ઉજવવામાં આવ્યો સાથે સાથે અમરેલી જિલ્લાના અલગ અલગ તાલુકામાંથી આશરે ૩૫૦ જેટલા સ્પર્ધકોએ ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, ફોટોગ્રાફી, નૃત્ય વગેરે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાંથી ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરેલ રેન્કરોને સન્માનપત્ર અને રોકડ ઈનામ આપી સન્માનિત કરાયા હતા.

### આમ આદમી પાર્ટીનાં સંયોજક નિકુંજ સાવલિયાનું નિવેદન

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં અનેક બાંધકામો મંજૂરી વગરનાં

**માહિતી અધિકાર અધિનિયમ મુજબ મળેલ માહિતીમાં ચીફ ઓફિસર દ્વારા અનેક બાંધકામોની મંજૂરી ન અપાઈ હોવાનો જવાબ**

**હોસ્પિટલની પાર્કિંગ જમીનમાં ગેરકાયદેસર રીતે મેડિકલ સ્ટોર અને કેન્ટીન ઉભી કરાયાનો પણ આક્ષેપ**

**ગરીબ દર્દીઓને મોટાભાગની દવાઓ અન્ય મેડિકલ સ્ટોરમાંથી જ મળે તે લખી આપવાનો દુરાગ્રહ**

**પુરતા પ્રમાણમાં તબીબો ન હોવા તેમજ અમુક તબીબો કાગળ પર જ ફરજ બજાવતા હોવાનો પણ આક્ષેપ**









અમરેલી, તા. ૧૪

અમરેલી શહેર એ જિલ્લાનું મુખ્ય મથક હોય જિલ્લાનાં ગરીબ દર્દીઓ વિનામૂલ્યે સારવાર મેળવી શકે તે માટે અમરેલીનાં પનોતા પુત્ર, જિલ્લાનાં વિકાસનાં સ્વપ્ન દ્રષ્ટા અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ અમરેલીમાં તે સમયની આધુનિક ગણાતી સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરાવેલ.

આજે તે જિલ્લાકક્ષાની સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી



ટ્રસ્ટને સોંપી દેવાતાં ગરીબ દર્દીઓની પરેશાની ઘટવાને બદલે વધી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે અને અવારનવાર સિવિલ હોસ્પિટલની કાર્યશૈલી પ્રકાશમાં આવી રહી છે.

દરમિયાનમાં અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં જિલ્લા સંયોજક નિકુંજ સાવલિયાએ આક્ષેપ કરતાં જણાવેલ કે હોસ્પિટલમાં પુરતા પ્રમાણમાં તબીબો નથી, અમુક તબીબો માત્ર કાગળ પર ફરજ બજાવે છે, ગરીબ દર્દીઓને હોસ્પિટલનાં મેડિકલ સ્ટોરમાં મળી રહે તેવી દવા લખી આપવાને બદલે બહાર મેદાનમાં ગેરકાયદેસર રીતે બનાવેલ મેડિકલ સ્ટોરમાંથી મળે તેવી દવા લખી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરીને ગરીબ દર્દીઓ પાસેથી ઓપરેશન માટે ફરજિયાત આયુષમાન કાર્ડનો આગ્રહ રાખવામાં આવતો હોવાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અને હોસ્ટેલ અને ટ્રસ્ટ દ્વારા બનાવેલા નવા બિલ્ડીંગો જેમ કે મેડિકલ કોલેજ મેઈન બિલ્ડીંગ જે ૩ માળનું બાંધકામ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### મોં માંગ્યા મેહથી સમગ્ર જિલ્લામાં હરિયાળી માહોલ ઉભો થયો

# અમરેલી ઉપરાંત જિલ્લાના અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં સામાન્યથી લઇને દોઢ ઇંચ વરસાદ

**અમરેલીમાં પોણા બે ઇંચ, વડિયામાં અર્ધો ઇંચ, બગસરામાં સવા ઇંચ વરસાદ**





અમરેલી, તા. ૧૪

અમરેલી શહેર સહિત જિલ્લામાં આજે પણ દિવસ દરમીયાન મેઘસવારી યથાવત રહેવા પામી હતી. જેને લઈ અમરેલી શહેરમાં દોઢ ઈંચથી પણ વધુ વરસાદ દિવસ દરમીયાન નોંધાયો હતો.

જિલ્લાના ખાંભા તાલુકાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ખાંભા નજીક આવેલ ડેડાણની ઘટના

# અગાઉનાં મનદુઃખનાં કારણે વૃધ્ધ ઉપર પીકઅપ વાન ચડાવી દઈ કરી ઈજાઓ

**મારી નાખવાનાં ઈરાદે હુમલો કરાયાની નોંધાવી ફરિયાદ**

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાનાં ડેડાણ ગામે રહેતા લક્ષ્મીબેન અરજણભાઈ પરમાર નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધાનાં નાના દીકરા અશોકભાઈએ તા. ૧૧નાં રોજ પોતાના પ્લોટમાં તાર ફેન્સીંગ કરવા માટે સિમેન્ટનાં પીઢીયા ઉતારેલ હતા. ત્યારે તેજ ગામે રહેતા મહેશભાઈ મોહનભાઈ મકવાણા સાથે માથાકૂટ થયેલ હતી.

તે વાતનું મનદુઃખ રાખી

**અનુસંધાન પાના ૬ ઉપર**






### થ્રી ફેઈઝને બદલે ટુ ફેઈઝ મળે પાવર

# ખાંભાનાં નેસડી–ર ગામનાં ખેડૂતોમાં વીજ પ્રશ્ને નારાજગી

**ખેડૂતોને પાણીની સમસ્યા પરેશાન કરે છે**

અમરેલી, તા. ૧૪

ખાંભાનાં નેસડી–ર ગામનાં ખેડૂતોએ રાજુલા પીજીવીસીએલનાં નાયબ ઈજનેરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, દરેક ખેતીવાડી કનેકશનો માટે આવેલ ટીસી પુરતો પાવર કાઢતું નથી. થ્રી ફેઈઝ પાવર સપ્લાઈનાં ટાઈમે ટુ ફેઈઝ પાવર મળે છે. જેનાથી મોટરો ચાલું થતી નથી જેના કારણે માલઢોરને અને ખેત મજૂરોને પીવાના પાણી માટે મુશ્કેલી થઈ રહી છે. તો ટીસી ફોલ્ટ જણાય છે. આ માટે ફરિયાદ કરીએ છીએ પણ કોઈ ફોન ઉપાડતું નથી અને ચારેક દિવસથી મોટર ઉપડતી નથી. તુરંત આ માટે ઘટતું કરવા અંતમાં જણાવેલ છે.

### ઉચ્ચ અધિકારીની દરેક વાત માનવી કયારેક મુશ્કેલી ઉભી કરે

# અમરેલીનાં તત્કાલીન પોલીસ અધિક્ષકનાં વાંકે ૯ પોલીસકર્મીઓ ૫ વર્ષથી સસ્પેન્ડ

**ગૃહ વિભાગે પોલીસકર્મીઓને ન્યાય આપવો જરૂરી**

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા પોલીસને સંડોવતી ને રાજયભરમાં ચકચાર જગાવનાર બીટ કોઈન તોડ કાંડ મામલે પાંચ વર્ષ અગાઉ સી.આઈ.ડી.માં અમરેલી એસપી અને પી.આઈ., માજી ધારાસભ્ય કોટડીયા અને અમરેલી જિલ્લા એલ.સી.બી.નાં નવ પોલીસ કર્મી વિરૂધ્ધ ગુનો દાખલ થયો હતો. જો કે સી.આઈ.ડી. સમક્ષ ભોગ બનનાર દ્વારા પ્રથમ અરજી કરવામાં આવેલ. એ અરજીની તપાસમાં પણ આ નાના કર્મચારી કોન્સ્ટેબલોએ ફરિયાદ અરજીને સમર્થન આપેલ અને નિવેદનમાં જણાવેલ કે, નોકરી ફરજનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)